
Tuesday, 10 March 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦




કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૭૨ ● સંવત-૨૦૮૨ ફાગણ વદ સાતમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ નિમિત્તે દમણમાં ‘ગો ગર્લ્સ બીચ સાઈડ નાઈટ રન’ યોજાઈ

**મહિલાઓને પોતાની સુરક્ષા, માન અને ગૌરવ અંગે કોઈ ભય કે ચિંતા વગર રાત્રિના સમયે જાહેર સ્થળોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા તેમજ સુરક્ષા, આત્મવિશ્વાસ અને એકતાની ભાવનાને મજબૂત બનાવવાના ઉદ્દેશથી કરવામાં આવેલું મેરેથોન દોડનું આયોજન**








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૯**

‘આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ’ના અવસર પર સામાજિક કલ્યાણ/મહિલા અને બાળવિકાસ વિભાગ, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના કેન્દ્ર શાસિત પ્રદેશ પ્રશાસન દ્વારા મોટી દમણના લાઈટ હાઉસ બીચ ખાતે ‘ગો ગર્લ્સ બીચ સાઈડ નાઈટ રન’ (“Go Girls Beachside Night Run”)નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓને પોતાની સુરક્ષા, માન અને ગૌરવ અંગે કોઈ ભય કે ચિંતા વગર રાત્રિના સમયે જાહેર સ્થળોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવો તેમજ સુરક્ષા, આત્મવિશ્વાસ અને એકતાની ભાવનાને મજબૂત બનાવવાનો હતો.

આ મેરેથોનમાં (ANM) તથા ફ્લોરેન્સ નાઈટિંગલ એવોર્ડ ૨૦૨૫ની વિજેતા શ્રીમતી સરોજબેન ભંડારી, ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ (IBR)માં એક જ શ્વાસમાં ૧૨ મીટર પાણી નીચે ૨૫.૪૦ સેકન્ડમાં તરવાની સિદ્ધિ પ્રાપ્ત કરનારી કુમારી દેવાંશી બિષ્ટ (ઉંમર ૪ વર્ષ), અંડર-૧૯માં ૬૯મી નેશનલ સ્કૂલ ગેમ્સ ૨૦૨૫-૨૬માં ઓલ ઈન્ડિયા સ્તરે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર કુમારી અક્ષતા ધવલ જૈન સહિત પ્રદેશની મહિલાઓ અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં ૫ કિમી, ૧૦ કિમી તથા પ્રથમ વખત આયોજિત ૨૧ કિમી હાફમેરેથોનનો સમાવેશ થયો હતો. જેમાં દરેક વયજૂથની મહિલાઓને ભાગ લેવા પ્રોત્સાહિત કરવામાં આવી. આ મેરેથોનમાં ભાગ લેનારાઓને વિવિધ શ્રેણીમાં ૩૦થી વધુ ઈન-કાઈન્ડ ઈનામો રોકડ તેમજ વિશેષ ઈનામો આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન યોગ સત્ર, ઝુંબા (ZUMBA) તથા વિવિધ કલાકારોની રજૂઆતો તેમજ મહિલાઓ દ્વારા સંચાલિત ફ્લી માર્કેટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આભૂષણ, કપડાં અને સજાવટની વસ્તુઓ સહિત અનેક ખાવા-પીવાની ચીજવસ્તુઓના લારીઓ લગાવવામાં આવી હતી. આ કાર્યક્રમ મહિલાઓ માટે, મહિલાઓ દ્વારા અને મહિલાઓનો ઉત્સવ રહ્યો હતો. આ મેરેથોનમાં પ્રશાસકશ્રીના ઓ.એસ.ડી. સુશ્રી ચાર્મી પારેખે ૨૧ કિમીની દોડમાં ભાગ લીધો હતો, તેમજ દમણના ડેપ્યુટી કલેક્ટર(સામાન્ય)-કમ-એસડીએમ શ્રી સુશ્રી આરતી અગ્રવાલે ૧૦ કિમીની દોડમાં ભાગ લઈને વિજય પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત પુરુષ સભ્યોએ પણ મહિલાઓના સમર્થન અને એકતાના પ્રતિક રૂપે ભાગ લીધો હતો. જેમાં સેલવાસના અલ્ટ્રા મેરેથોન એમ્બેસેડર રણજિત કે. મહતો (ઉંમર ૨૭વર્ષ), શ્રી ધામેશ દમણિયા, શ્રી શિવકુમાર ચૌધરી અને કૃષ્ણનંદ હેબલે સહિત અન્ય ઘણા લોકો સામેલ થયા હતા.

‘ગો ગર્લ્સ બીચ સાઈડ નાઈટ રન’ એકતા, આત્મવિશ્વાસ અને મહિલા સશક્તિકરણના સંદેશ સાથે પૂર્ણ થયું હતું. જે મહિલાઓ માટે વધુ સુરક્ષિત અને સમાનજાહેર સ્થળો બનાવવા પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## સી.એસ.આર. અંતર્ગત હિન્ડાલ્કો કંપની દ્વારા RSETI સેલવાસમાં ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ નિમિતે વિશેષ કાર્યક્રમ યોજાયો

**બ્યુટીપાર્લરમાં નિપુણ એવી ૨૨ જેટલી છોકરીઓને સાધન-સામગ્રીનું કરાયેલું વિતરણ**






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૯**

‘આંતરાષ્ટ્રીય મહિલા દિવસ’ નિમિત્તે સી.એસ.આર. અંતર્ગત હિન્ડાલ્કો કંપની દ્વારા રૂરલ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ(RSETI) સેલવાસ ખાતે મહિલાઓ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દાનહની વિવિધ સ્વ-સહાય જૂથની સભ્ય મહિલાઓ જેમણે ટ્રેનિંગ પ્રાપ્ત કરી હોય તથા અન્ય ૭૦ જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતાના અવસરોના માધ્યમથી મહિલાઓને સશક્ત બનાવવા અને તેમના ઉત્થાન માટેનો હતો. આ કાર્યક્રમમાં બ્યુટીપાર્લરમાં પારંગત એવી ૨૨ જેટલી છોકરીઓને સાધનસામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે RSETI-સેલવાસના નિર્દેશક શ્રી વિશાલ કડીએ જણાવ્યું હતું કે, આ ઉત્સવ મહિલા સશક્તિકરણ અને વિસ્તારમાં સ્થાયી આજીવિકાને પ્રોત્સાહન આપવાની દિશામાં એક સામુહિક પ્રયાસના પ્રમાણ રૂપે કાર્ય કરે છે.

આ અવસરે ખાનવેલ વિભાગના દાનહ જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી સુશીલાબેન ભીખુભાઈ ભીમરા, સરપંચ શ્રી મારિયાભાઈ વિલાત, પ્રિયા ભવર, હિન્ડાલ્કો કંપનીના વાઈસ પ્રેસિડન્ટ શ્રી મનોજ સત્પથી, શ્રી સ્વતંત્ર દુબે, રિંકલ પરમાર, એલડીએમ શ્રી સુનિલ માલી સહિત લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દીવનાં ઘોઘલામાં ‘સમસ્ત જનરલ ખારવા જ્ઞાતિ-ઘોઘલા’ દ્વારા ભવ્ય મઢી ઉત્સવ ઉજવાયો

**પાલખી યાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા : જિલ્લા કલેક્ટર રાહુલ દેવ બુરાએ શિવ-પાર્વતીના દર્શન કરી ધન્યતા અનુભવી**








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૯**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવનાં ઘોઘલા આજે ‘સમસ્ત જનરલ ખારવા જ્ઞાતિ-ઘોઘલા’ દ્વારા પરંપરાગત મઢી ઉત્સવની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. ધૂળેટીના દિવસે સમસ્ત જનરલ ખારવા જ્ઞાતિના નવા પટેલ શ્રી રવિન્દ્ર દેવગી અને કોટવાળ તરીકે શ્રી રાકેશ લક્ષ્મણની વરણી થઈ હતી. આજે સોમવારે આ નવ નિયુક્ત પટેલશ્રીના માર્ગદર્શનમાં મઢી ઉત્સવ ઉજવાયો હતો. મઢી ઉત્સવને લઈને આજે વિધિવત ભગવાન શંકર અને માતા પાર્વતીની પાલખી યાત્રા નિકળી કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. આ પાલખી યાત્રામાં દીવ જિલ્લા કલેક્ટર શ્રી રાહુલ બુરા પણ જોડાયા હતા અને ભગવાન શંકર અને માતા પાર્વતીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

પાલખી યાત્રા ઘોઘલાની ગલીએ ગલીએ ફરી હતી. આ પાલખી યાત્રામાં દીવ જિલ્લા કલેક્ટર શ્રી રાહુલ દેવ બુરા સહિત દીવ નગર પાલિકા પ્રમુખ શ્રી હરેશ પાંચા કાપડિયા, ઉપ પ્રમુખ શ્રીમતી કરૂણાબેન સોલંકી, કાઉન્સિલરો અને સમાજના આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે દીવ કલેકટર શ્રી રાહુલ દેવ બુરાએ પાલખીમાં રહેલ ભગવાન શંકર-પાર્વતીની પૂજા-અર્ચના કરી દર્શન બાદ, પાલખી ઉપાડવાનો લ્હાવો લીધો પણ લીધો હતો. આ પ્રસંગે શિવ પાર્વતીની પાલખીયાત્રાનાં દર્શન કરી ભાવિકો પણ ધન્ય બન્યા હતા.

ખારવા સમાજની વર્ષોથી ચાલી રહેલ પરંપરા પ્રમાણે ધૂળેટી પછી આવતા પ્રથમ સોમવારે મઢી ઉત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવે છે. જેમાં શિવ- પાર્વતીની ભવ્ય પાલખી યાત્રા કાઢવામાં આવે છે. ત્યારે આજે ઘોઘલા ગામે ભજન-કિર્તન અને બેન્ડવાજા સાથે શિવ પાર્વતીની ભવ્ય પાલખીયાત્રા ઘોઘલાનાં મુખ્ય માર્ગ અને સાત ચોરામાંથી પસાર થતા ભાવિકોએ શિવ- પાર્વતીનાં ચરણ દૂધથી ધોઈ ધાણી, ફુલહાર અને શ્રીફળ અર્પણ કરી દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

શેરીએ શેરીએ શિવ-પાર્વતીની પાલખીનું સ્વાગત કરવામાં આવે છે, ત્યારે અગાઉથી જ લોકોએ માર્ગની સાફ-સફાઈ કરી શિવ પાર્વતીની પધરામણી પોતાની શેરીમાં થાય તેની આતુરતાથી રાહ જોતા હતા. મઢી ઉત્સવમાં બહોળી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. આ ઉત્સવમાં ભાગ લેવા બહારગામથી ખારવા સમાજનાં લોકો પણ મોટી સંખ્યામાં પોતાના ધંધા રોજગાર બંધ રાખી જોડાયા હતા. આ પરંપરા દર વર્ષે ચાલે છે.

## સેલવાસ ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં ‘વિશ્વ મહિલા દિવસ’ની કરાયેલી ઉજવણી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૯**

સેલવાસ ડિસ્ટ્રીક્ટ કોર્ટ પરિસર ખાતે ‘વિશ્વ મહિલા દિવસ’ નિમિત્તે ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ અથોરીટી દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા સેવા પ્રાધિકરણ દ્વારા આયોજીત કરવામાં આવેલ ‘વિશ્વ મહિલા દિવસ’ની ઉજવણી કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે શ્રીમતી વિભા ઇંગલે પ્રધાને જિલ્લા અને સત્ર ન્યાયાધીશે મહિલા દિવસ અને સંવિધાનમાં મહિલાઓ માટે આપવામાં આવેલ અધિકાર અંગે જાણકારી આપી હતી. ત્યારબાદ એડવોકેટ રેશ્મા પટેલ, કોમલ જૈને નાલસા (એસિડ અટેક પીડિતોની કાનૂની સેવાઓ) સ્કીમ-૨૦૧૬ ઘરેલું હિંસાથી મહિલાઓના સંરક્ષણ એક્ટ-૨૦૦૫, દહેજ નિષેધ એક્ટ-૧૯૬૧, બાળવિવાહ નિષેધ એક્ટ- ૨૦૦૬ અંગે જાણકારી આપી હતી. ત્યારબાદ જિલ્લા કાનૂની સેવા પ્રાધિકરણના સભ્ય સચિવ શ્રી જયદેવ ધુલેએ દરેક વિષયો પર સહમતી અને માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં ડીએનએચ બાર અને સેલવાસ બારના મહિલા વકીલો ઉપસ્થિ રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દરેક સ્ટાફનો સહયોગ અને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટી(ડાલસા)ના અધિક્ષક શ્રી સંતોષ શેલાર અને સહા અધિક્ષક અનિરુદ્ધ પગડેના દેખરેખમાં પ્રોગ્રામ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



સમગ્ર કાર્યક્રમનું સંચાલન એડવોકેટ યશવી ગજરે કર્યું હતું અને આભારવિધિ એડવોકેટ ગોલ્ડી સિંહે આટોપી હતી.

**PUBLIC NOTICE**

The public of the Union Territory of Dadra & Nagar Haveli and Daman & Diu is hereby informed that if any government officer/ employee working in different government departments or any elected representative demands any kind of bribe or undue advantage from you, then you can report such officer/ employee or elected representative to the Anti-Corruption Unit by submitting an oral or written complaint.

You can provide the information through the following

**Mobile No.: 9081122119,**
**Phone No.: 0260-2230300,**
**E-mail: sho-acu-dnhdd@ddd.gov.in**

The Identity of person giving the information will be kept confidential.

**Superintendent of Police**
**Anti-Corruption Unit**
**Dadra-Nagar Haveli and Daman & Diu**




## સુવિચાર - સદ્વિચાર

અપેક્ષાની સમાપ્તિ એટલે શાંતિની શરૂઆત

## કવિતા-ભજન-પદ-ગરબા

### આંખો ભરાઈ જાશે.

કોને ખબર છે ક્યારે? તારી જુદાઈ જાશે,
લાગે છે વૃક્ષનાં સૌ પર્ણો ગણાઈ જાશે.

એવાં વિચારે મારા છે શ્વાસ શ્વાસ રણઝણ,
એ આવશે ને પળમાં સઘળે છવાઈ જાશે!

એની નજર પડે આ સંયમ ઉપર તો સારું,
ઝાઝું હસાવશે તો શાયદ રડાઈ જાશે!

છે ભાગ્ય પર ભરોસો કે ચાલવા જશું તો,
રસ્તા વચાળે ઊંચી ભીંતો ચણાઈ જાશે!

તો પણ મને છે આશા કાગળની નાવ પાસે,
જાણું છું મેઘ વધતાં હમણાં તણાઈ જાશે.

તારા વિરહની પીડા એવી હદે વધી છે,
કે બોલવા જશું તો ગઝલો ગવાઈ જાશે.

મારા જીવન વિશે કૈં પૂછો નહીં તો સારું,
બાકી 'અગન' તમારી આંખો ભરાઈ જાશે.

**- અગન રાજ્યગુરુ**

## આજની જોક

શિક્ષક : હવાઈ જહાજ કોણે શોધ્યું?
વિદ્યાર્થી : સર, જ્યારે તે આકાશમાં ઉડતું હતું ત્યારે તો મેં જોયુ ન હતું, પણ નીચે આવ્યા પછી જોયુ કે તે પાયલોટે જ ચલાવતો હતો.

## કબીર વાણી

**મોકો કહાં ઢૂંઢે બંદે, મેં તો તેરે પાસ મેં,**
**ના તીરથ મેં, ના મૂરત મેં, ના એકાંત નિવાસ મેં.**

**- અર્થાત-**

ઈશ્વર કહે છે કે હે મનુષ્ય! તું મને ક્યાં શોધી રહ્યો છે? હું તો તારી ખૂબ નજીક જ છું. હું કોઈ તીર્થધામ, મૂર્તિ કે એકાંતમાં નથી, હું તો તારી અંદર જ છું.

## આજનો દિન વિશેષ

### મેજર-જનરલ રણજીત લાલ જેટલી

મેજર-જનરલ રણજીત લાલ જેટલી, FIE, FIQA (૧૦ માર્ચ ૧૯૨૩ - ૩૦ માર્ચ ૨૦૧૮) એક ભારતીય સૈનિક અને વૈજ્ઞાનિક હતા. તેમણે બીજા વિશ્વયુદ્ધ અને ૧૯૪૭ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં સેવા આપી હતી, અને પછી આર્ટિલરી રેજિમેન્ટ કમાન્ડર બન્યા હતા. તેમણે શસ્ત્ર સંશોધન અને વિકાસમાં કામ કર્યુ, જેમાં ભારતીય ૧૦ મીમી લાઈટ ફિલ્ડ ગન અને શેરમન ટેન્કનું અપગનિંગ સહિતની તેમની નવીનતાઓનો સમાવેશ થાય છે. તેમણે બે મુખ્ય પ્રયોગશાળાઓ સ્થાપવામાં પણ ફાળો આપ્યો. જેટલી ૧૯૭૯માં નિવૃત્ત થયા અને યુનાઈટેડ કિંગડમ ગયા.

**શરૂઆતનું જીવન :** જેટલીનો જન્મ રાવલપિંડીમાં એક લશ્કરી પંજાબી-બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના દાદા, સુબેદાર માયા દાસ જેટલી, ભારતીય વિશિષ્ટ સેવા ચંદ્રક (IDSM) ધરાવતા હતા, જેમણે ઉત્તર પશ્ચિમ સરહદ પર અને પ્રથમ વિશ્વયુદ્ધમાં સેવા આપી હતી; તેમના પિતા, લેફટનન્ટ કર્નલ કુંદન લાલ જેટલી, MBE, શાંતિ સમય દરમિયાન બર્મા અને શાંઘાઈ, ચીનમાં બ્રિટિશ અભિયાન દળો સાથે ભાગ લીધો હતો અને બીજા વિશ્વયુદ્ધમાં સેવા આપી હતી. જેટલીના કાકાઓ, મેજર મંગલ સેન જેટલી, મેજર ઈન્દર સેન જેટલીએ પણ બીજા વિશ્વયુદ્ધમાં સેવા આપી હતી. જેટલીની માતા, કૌશલ્યા રાની, હાઈકોર્ટના વકીલ શિવરામ ઝિંગનની પુત્રી હતી. જેટલીનું શિક્ષણ ક્વેટા, લેન્સડાઉન અને દેહરાદુનમાં થયું હતુ. ત્યારબાદ રાવલપિંડીની ગોર્ડન મિશન કોલેજમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હતું.

**યુદ્ધ સમયની કારકિર્દી :** જેટલીને ૫ જુલાઈ ૧૯૪૨ના રોજ કમિશન આપવામાં આપવામાં આવ્યું હતું. અને તેમણે બર્માના અરાકાનમાં સેવા આપી હતી. તેમણે રામરી ટાપુના યુદ્ધ અને મુખ્ય ભૂમિ બર્માના લેત્પનમાં સાથી દળોના ઉતરાણમાં ભાગ લીધો હતો, જ્યાં, ફિલ્ડ આર્ટિલરી રેજિમેન્ટ માટે નૌકાદળ ફોરવર્ડ ઓબ્ઝર્વેશન ઓફિસર તરીકે, તેમણે નૌકાદળના બોમ્બમારાનો સમાવેશ કર્યો હતો. ૧૯૪૫ થી ૧૯૪૬ સુધી, તેમણે બ્રિટિશ કબજાના ભાગ રૂપે ઈન્ડોનેશિયાના સુમાત્રામાં ભારતીય ટેન્ક વિરોધી રેજિમેન્ટ સાથે સેવા આપી હતી.

**શાંતિકાળની તોપખાના સેવા :** ૧૯૫૦ થી, તેમણે જબલપુર, કોસીપોર અને બાદમાં કાનપુર ખાતે ટેકનિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ્સમાં સેવા આપી અને બે મુખ્ય ઓર્ડનન્સ ફેક્ટરીઓ માટે ઈન્સ્પેક્ટરેટ ઉભા કર્યા. કાનપુર ખાતે તેમને ભારતમાં પ્રથમ ૨૫ પાઉન્ડર ઓર્ડનન્સ અને પ્રથમ બ્રેન ગનના ઉત્પાદનમાં યોગદાન આપવા બદલ શ્રેય આપવામાં આવ્યો. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર પ્રસાદની હાજરીમાં ઓર્ડનન્સ ફેક્ટરી દ્વારા પ્રથમ બ્રેન ગનનું ફાયરિંગ કરીને આ પ્રસંગની ઉજવણી કરવામાં આવી હતી.

## ઔષધી : ઘરેલું નુસખા

■ ફુદીનાના પાન ચૂસવાથી કે મોઢામાં રાખી ચાવવાથી હેડકી તરત બંધ થાય છે.

■ ગાયના દૂધની સાથે આમળાના ચૂર્ણનું નિયમિત સેવન કરવાથી આંખનું તેજ વધે છે.

■ જરૂર પૂરતાં તમાલપત્રને પીસી માથા પર (કપાળ પર) લેપ કરવાથી માથાનો દુઃખાવો મટે છે.

■ ભેંસના દૂધમાં સાકર અને એલચી મેળવી ગરમાગરમ દૂધ પીવાથી અનિદ્રામાં લાભ થાય છે.

■ વાયુ વધી જવાથી ઊલટી થતી હોય તો અજમો ખાવાથી કે અજમો-મીઠું મોંમા રાખી ચૂસવાથી ઉલ્ટીમાં રાહત થાય છે.

■ નિયમિત રીતે કારેલાનો રસ પીવાથી ડાયાબિટીસમાં ફાયદો થાય છે.

■ જો દાંતમાં સખત દુખાવો થતો હોય તો એલચી, લવિંગ અને જાયફળના તેલને મેળવીને તે તેલને રૂથી દુઃખતા દાંત પર લગાવવાથી દર્દ મટે છે.

### રાંધણ ગેસ બુકિંગના નિયમમાં મોટો ફેરફાર

# હવે ૨૫ દિવસ પછી જ મળશે નવો ગેસનો બાટલો

## મધ્ય પૂર્વના યુદ્ધ વચ્ચે કેન્દ્ર સરકારે રાંધણ ગેસના બુકિંગ માટેનો સમય વધારીને ૨૫ દિવસ કરી દીધો છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૦૯**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભયંકર યુદ્ધના પડઘા હવે આપણા રસોડા સુધી પહોંચી ગયા છે. કાળાબજારી અને સંગ્રહખોરીને કડક રીતે રોકવાના હેતુથી ભારત સરકારના પેટ્રોલિયમ મંત્રાલયે સમગ્ર દેશમાં રાંધણ ગેસના બાટલાના બુકિંગના નિયમોમાં તાજેતરમાં જ એક બહુ મોટો અને કડક ફેરફાર કર્યો છે. આ નવા નિયમ મુજબ, હવે ગ્રાહકોએ બે ગેસના બાટલા બુક કરાવવા વચ્ચે ૨૫ દિવસની લાંબી રાહ જોવી પડશે. સરકારે ૭ માર્ચના રોજ આ કડક નિર્ણય એટલા માટે લીધો છે જેથી કોઈ પણ વ્યક્તિ ગેરકાયદેસર રીતે ગેસનો સંગ્રહ ન કરી શકે. જોકે મંત્રાલયે લોકોને પૂરી ખાતરી આપી છે કે દેશમાં હાલ પૂરતી પેટ્રોલ, ડીઝલ કે રાંધણ ગેસની કોઈ જ અછત નથી.

સરકારના આ નવા આદેશ મુજબ, પહેલા રાંધણ ગેસનો બાટલો ૧૫ દિવસે બુક કરાવી શકાતો હતો. માત્ર ત્રણ દિવસ પહેલા જ આ સમયગાળો વધારીને ૨૧ દિવસ કરવામાં આવ્યો હતો. પણ હવે સરકારે તેમાં ફરીથી સુધારો કરીને આ સમય સીધો ૨૫ દિવસનો કરી નાખ્યો છે. એટલે કે, સીધી અને સાદી ભાષામાં સમજીએ તો, જો તમે આજે ગેસનો બાટલો નોંધાવ્યો હોય, તો તમારે બીજો નવો બાટલો નોંધાવવા માટે ફરજિયાત ૨૪ દિવસનો સમય પસાર થવા દેવો જ પડશે. ૨૫મા દિવસે જ તમે નવો બાટલો બુક કરાવી શકશો. આ નિયમથી સામાન્ય અને મોટા પરિવારોને થોડી મુશ્કેલી પડી શકે છે, પણ



કાળાબજારી અટકાવવા માટે આ પગલું અત્યંત જરૂરી હોવાનું સરકારનું માનવું છે.

એક તરફ બુકિંગ માટે લાંબી રાહ જોવાની છે, તો બીજી તરફ ગેસના ભાવમાં પણ મોટો ઉછાળો આવ્યો છે. પશ્ચિમ એશિયાના દેશો વચ્ચેની લડાઈને કારણે બે દિવસ પહેલા જ ઘરવપરાશના રાંધણ ગેસના બાટલાના ભાવમાં સીધો ૬૦ રૂપિયાનો અને ધંધાકીય વપરાશના મોટા બાટલામાં ૧૧૪.૫ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. સરકારી તેલ કંપનીની સત્તાવાર માહિતી મુજબ, ૧૪.૨ કિલોગ્રામના ઘરવપરાશના સરકારી સહાય વગરના ગેસના બાટલાનો ભાવ દિલ્હીમાં હવે ૯૧૩ રૂપિયા થઈ ગયો છે, જે પહેલા ૮૫૩ રૂપિયા હતો. માત્ર એક જ વર્ષમાં આ બીજો મોટો ભાવ વધારો છે. આ નવા ભાવ ૭ માર્ચથી આખા દેશમાં લાગુ કરી દેવામાં આવ્યા છે. ગયા વર્ષે એપ્રિલ મહિનામાં પણ ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. અત્યારે મુંબઈમાં આ બાટલો ૯૧૨.૫૦ રૂપિયા, કોલકાતામાં ૯૩૯ રૂપિયા અને ચેન્નાઈમાં ૯૨૮.૫૦ રૂપિયામાં મળી રહ્યો છે. સામાન્ય માણસનું બજેટ આ નવા ભાવ વધારાથી સાવ ખોરવાઈ ગયું છે. જો તમે ઉજ્જવલા યોજનાના લાભાર્થી છો, તો તમારા માટે આ કપરા સમયમાં પણ થોડા રાહતના સમાચાર છે. વર્ષ ૨૦૧૬ માં શરૂ થયેલી આ યોજના હેઠળ મફત જોડાણ મેળવનારા ૧૦ કરોડથી વધુ ગરીબ પરિવારોને ૧૪.૨ કિલોગ્રામના બાટલા પર ૩૦૦ રૂપિયાની આર્થિક સહાય મળવાનું ચાલુ જ રહેશે. આ લાભ એક વર્ષમાં ૧૨ બાટલા સુધી મળશે. પરંતુ, હોટલ, રેસ્ટોરન્ટ અને લારી-ગલ્લા ચલાવીને રોજગારી મેળવતા લોકો માટે માઠા સમાચાર છે. ધંધાકીય વપરાશ માટેના ૧૯ કિલોગ્રામના મોટા બાટલાના ભાવમાં ૧૧૪.૫ રૂપિયાનો ભડકો થયો છે. દિલ્હીમાં હવે આ મોટો બાટલો ૧૮૮૩ રૂપિયામાં મળશે. અગાઉ ૧ માર્ચના રોજ પણ આ બાટલા પર ૨૮ રૂપિયા વધારાયા હતા. આમ, આ નવા વર્ષની શરૂઆતમાં જ ધંધાકીય બાટલાના ભાવમાં કુલ ૩૦૨.૫૦ રૂપિયાનો કમરતોડ વધારો થઈ ચૂક્યો છે.

# પિકેડેમી દ્વારા વિદ્યાર્થીઓ માટે AI-સંચાલિત ગ્લોબલ એજ્યુકેશન સર્ચ પ્લેટફોર્મનું અનાવરણ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**અમદાવાદ, તા. ૦૯**

દેશમાં તથા વિદેશમાં અભ્યાસ કરવા માગતા વિદ્યાર્થીઓ તેમની પસંદગીની કોલેજ, યુનિવર્સિટી, કોર્સ વગેરેની માહિતી સરળ અને ઝડપી મેળવી શકે એ માટે પિકેડેમી દ્વારા Artificial Intelligece આધારિત સર્ચ એન્જિનનું જે અમદાવાદના AMAમાં અનાવરણ કરવામાં આવ્યું છે.

વિદ્યાર્થી માટે કોર્સ, કોલેજ, યુનિવર્સિટી, દેશ વગેરેની પસંદગી જીવનના સૌથી મહત્વપૂર્ણ નિર્ણયો પૈકી એક હોય છે. આ નિર્ણયને સરળ બનાવવા માટે તૈયાર કરવામાં આવેલું પિકેડેમી સર્ચ એન્જિન AI વડે સજ્જ છે. પિકેડેમીનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ કોર્સના નામ, કોર્સની અવધિ, પાત્રતા, પ્રવેશ પરીક્ષાઓ, ફી, સ્કોલરશિપ જેવા માપદંડના આધારે કોલેજ તથા યુનિવર્સિટી પસંદ કરી શકે છે. પરંપરાગત એજ્યુકેશન પોર્ટલોની સરખામણીમાં પિકેડેમી વિદ્યાર્થીના ઉદ્દેશ્યને તથા અપેક્ષાને સમજીને ચોક્કસ, અર્થપૂર્ણ અને નિર્ણાયક પરિણામ પુરા પાડે છે.

આ એજ્યુકેશન સર્ચ પ્લેટફોર્મનું બ્રેઈન 'પિક્સી' છે, જે એક બુદ્ધિશાળી AI આસિસ્ટન્ટ છે. વિદ્યાર્થીઓને તે ભારતભરમાં અને અમેરિકા, યુનાઈટેડ કિંગડમ




(UK), સ્પેન, ઈટાલી, જર્મની, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા જેવા દેશોની અગ્રણી કોલેજ તથા યુનિવર્સિટી વિશે અને તેમના કોર્સ વિશે સચોટ માર્ગદર્શન આપે છે.

'અમારું વિઝન વિદ્યાર્થીઓની મૂંઝવણ દૂર કરવાનું છે,' પિકેડેમીના સ્થાપક રાહુલ ઘાડિયાએ જણાવ્યું હતું કે, આ પ્રસંગે અમે યોગેશ પટેલનો આભાર માનીએ છીએ, જે અમારા પ્રથમ રોકાણકાર અને આ વિઝનમાં સૌથી પહેલા વિશ્વાસ રાખનારાઓમાંના એક છે. શરૂઆતના તબક્કામાં તેમની નાણાકીય સહાયથી આજે અમે જે બનાવ્યું છે તે બનાવવા માટે આત્મવિશ્વાસ અને ગતિ મળી.પિકેડેમીના સહ-સ્થાપક અને વ્યૂહાત્મક સલાહકાર હર્ષલ પુષ્કર્ણાએ ઉમેર્યુ હતું કે, 'અમે ફક્ત પરંપરાગત એજ્યુકેશન સર્ચ પ્લેટફોર્મ બનાવ્યું નથી બલકે, પિકેડેમી એક એવું ઈન્ટેલીજન્ટ પ્લેટફોર્મ છે જ્યાં વિદ્યાર્થીઓ પોતાની રીતે, પોતાની સમજ વડે અને તેમના સ્ક્રીન પર રજૂ થતા ડેટાના આધારે પોતાની કારકિર્દીના અને ભવિષ્યના ઉચિત નિર્ણય લઈ શકે છે.

ટેક્નોલોજીના આધારસ્તંભ પર પ્રકાશ પાડતા, સહ-સ્થાપક અને CTO, વીરેન્દ્ર રાજપૂતે જણાવ્યું હતું કે, 'અમારું AI આર્કિટેક્ચર વિદ્યાર્થીઓના ઉદ્દેશ્યનું અર્થઘટન કરી, ચોક્સાઈપુર્વક યોગ્ય ડેટા દર્શાવે તે મુજબ બનાવવામાં આવ્યું છે. પિકેડેમીનું બુદ્ધિશાળી AI આસિસ્ટન્ટ 'પિક્સી' ચોક્સાઈ અને વિશ્વાસ માટે રચાયું છે.પિકેડેમી રૂ.૯૯ પ્રતિ સપ્તાહ અને રૂ.૨૪૯ પ્રતિમાસ એમ બે સબસ્ક્રિપ્શન પ્લાન ઓફર કરે છે, જેમાં અત્યારે નવા વપરાશકર્તાઓ માટે મફત પ્રારંભિક ટ્રાયલનો સમાવેશ થાય છે.બુદ્ધિશાળી AI, સ્વચ્છ ઈન્ટરફેસ અને ચોક્સાઈ પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે, પિકેડેમી વિશ્વભરના વિદ્યાર્થીઓ માટે વિશ્વસનીય ડિજિટલ સાથી બનવાનું લક્ષ્ય રાખે છે.

### સુરત નવી સિવિલ હોસ્પિટલ વિવાદમાં

# નવી સિવિલમાં ૭ વર્ષના પુત્રને ઊંચકીને ફરતા પિતાની દોડધામ



## હોસ્પિટલના સ્ટાફે આ બાળકને બેસાડવા માટે વ્હીલચેર આપવા કોઈ મદદ ના કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૦૯**

ગુજરાત સરકાર દ્વારા વિકાસના દાવા કરવામાં આવી રહ્યાં છે. ગુજરાત રાજ્યને વિકાસનું રોલ મોડેલ ગણવામાં આવે છે. રાજ્યમાં તમામ પ્રકારની સુવિધાઓ લોકોને સરળતાથી મળતી હોવાનું ગુલબાંગો ફૂંકાય છે. એક ઘટના સુરતની સિવિલ હોસ્પિટલથી સામે આવી છે. એક લાચાર પિતા તેના પુત્રને હાથમાં ઊંચકીને વ્હીલચેર માટે આમતેમ ફરતો હોવાનો વીડિયો સામે આવ્યો છે. હોસ્પિટલના સ્ટાફે આ બાળકને બેસાડવા માટે વ્હીલચેર આપવા કોઈ મદદ ના કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

સુરતની નવી સિવિલ હોસ્પિટલ દર્દીઓની સુવિધાઓને લઈને વિવાદમાં આવી છે. એક માતા પિતા ખરી ગરમીમાં પોતાના સાત વર્ષના બાળકને ઊંચકીને વ્હીલ ચેર માટે આમ તેમ ફરી રહ્યાં છે. સિવિલ હોસ્પિટલમાં વ્હીલ ચેર નહીં મળતા ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. હોસ્પિટલના સ્ટાફે પણ આ બાળકના દુઃખ અને પિતાની લાચારી સામે આંખ આડા કાન કરીને કોઈ પણ પ્રકારની મદદ નહીં કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સુરત સિવિલના તંત્ર સામે ફરી સવાલ ઉભા થયાં છે. સુરત સિવિલ હોસ્પિટલમાં મૂળભૂત સુવિધાઓના અભાવે દર્દીઓ પરેશાન થઈ રહ્યાં છે. એક લાચાર પિતાનો પગમાં પ્લાસ્ટર લગાવેલા બાળકને હાથમાં ઊંચકીને ફરતો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

# વિશ્વનો સૌથી મોટો એડવાન્સ્ડ ડ્રિંકિંગ વોટર ટ્રીટમેન્ટ સુરત ખાતે શરૂ કરવા આયોજન

## અદ્યતન ટેકનોલોજી આધારિત અનેક મહત્વના પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલાન્યાસ કરવામાં આવ્યું છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૯**

સુરત પાલિકાના બજેટમાં ભારતમાં સૌપ્રથમ એક્ટિવેટેડ કાર્બન સહિત સિરામિક મેમ્બ્રેન ફિલ્ટરેશન અંગેનો આધુનિક ટેકનોલોજીવાળો ૧૬૦ સ્ન્ઢ ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું રાંદેર ઝોનમાં બનાવવા આયોજન થયું છે. આ પ્લાન્ટ વિશ્વનો પ્રથમ સૌથી મોટો એડવાન્સ્ડ ડ્રિંકિંગ વોટર ટ્રીટમેન્ટ બનશે તેમાં પોલી ફ્લોરો આલ્કીલ પદાર્થો દૂર કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ પ્લાન્ટ સિરામિક અલ્ટ્રા ફિલ્ટરેશન મેમ્બ્રેન પર આધારિત રહેશે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના પાણી પુરવઠા અને પર્યાવરણ સંરક્ષણ માટે અદ્યતન ટેકનોલોજી



આધારિત અનેક મહત્વના પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલાન્યાસ કરવામાં આવ્યું છે. રાંદેર ખાતે વિશ્વનો પ્રથમ સૌથી મોટો ૧૬૦ MLD એડવાન્સ્ડ ડ્રિંકિંગ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનશે. ૧૨૧ કરોડના આ પ્રોજેક્ટમાં ફોરએવર કેમિકલ્સ' દૂર કરવાની સુવિધા છે.

આ સાથે સુરતના વરિયાવ ખાતે ઝીરો લિક્વિડ ડિસચાર્જ સાથે ૨૫૦ MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ. ૧૨૯ કરોડના ખર્ચે બનાવવામાં આવશે. આ બંને મોડલ પ્લાન્ટો, એન્વાયરો કન્ટ્રોલ પ્રાઈવેટ લિમિટેડ સી.એસ.આર. ફંડમાંથી બનાવશે.

### શામળાજીના ભક્તો માટે રેલવેનો મહત્ત્વનો નિર્ણય

# વંદે ભારત ટ્રેન શામળાજી સ્ટેશને ઊભી રહેશે



## આ નિર્ણયથી રાજસ્થાન અને ગુજરાતના હજારો શ્રદ્ધાળુઓ માટે ભગવાન શામળિયાના દર્શન કરવા જવાનું વધુ સરળ અને ઝડપી બનશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૦૯**

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીના ભક્તો અને અરવલ્લી જિલ્લાના રહેવાસીઓ માટે રેલવે વિભાગ દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ (અસારવા) અને ઉદયપુર વચ્ચે દોડતી અત્યાધુનિક વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને હવે શામળાજી રોડ સ્ટેશન પર સ્ટોપેજ ફાળવવામાં આવ્યું છે. આ નિર્ણયથી રાજસ્થાન અને ગુજરાતના હજારો શ્રદ્ધાળુઓ માટે ભગવાન શામળિયાના દર્શન કરવા જવાનું વધુ સરળ અને ઝડપી બનશે.

આ સુવિધા પાછળ સાબરકાંઠા-અરવલ્લી વિસ્તારના સાંસદ શોભનાબેન બારૈયાના પ્રયાસો મુખ્ય રહ્યા છે. તેમણે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને લેખિતમાં રજૂઆત કરી હતી કે યાત્રાધામ શામળાજીનું ધાર્મિક મહત્ત્વ જોતા અહીં વંદે ભારત ટ્રેનનું સ્ટોપેજ હોવું અનિવાર્ય છે. સાંસદની આ રજૂઆતને કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકારી લેવામાં આવી છે, જેનાથી સમગ્ર જિલ્લામાં પરિવહનની નવી અને મોટી સુવિધા ઊભી થઈ છે.

અત્યાર સુધી અમદાવાદથી રાજસ્થાન તરફ જતા મુસાફરો માટે આ રૂટ પર મર્યાદિત વિકલ્પો હતા, પરંતુ હવે શામળાજી સ્ટેશન પર સ્ટોપેજ મળતા સ્થાનિક વેપાર અને પ્રવાસનને પણ વેગ મળશે. વંદે ભારત જેવી પ્રીમિયમ ટ્રેનનો લાભ મળવાથી ભક્તો સમયની બચત સાથે આરામદાયક મુસાફરી કરી શકશે. રેલવેના આ નિર્ણયને અરવલ્લી જિલ્લાના લોકો અને શામળાજી મંદિર ટ્રસ્ટ દ્વારા હર્ષભેર વધાવી લેવામાં આવ્યો છે.

### યુદ્ધની આગમાં સળગ્યું ખાદ્યતેલ

# સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં તોતિંગ વધારો થયો

## સિંગતેલમાં ૨૦ અને પામતેલમાં ૬૦ નો વધારો ઝીંકાયો છે : યુદ્ધના કારણે તેલના ડબ્બાના ભાવ ૨૯૦૦ને પાર

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**રાજકોટ,તા.૦૯**

વિશ્વના બે દેશો વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ છે, જેની સીધી અસર હવે ભારતીય બજાર અને ખાસ કરીને ખાદ્યતેલો પર જોવા મળી રહી છે. સૌરાષ્ટ્રના મુખ્ય માર્કેટ યાર્ડ ગણાતા રાજકોટમાં ખાદ્યતેલના ભાવમાં ધરખમ વધારો ઝીંકવામાં આવ્યો છે. સિંગતેલ, કપાસિયા અને પામતેલના ભાવમાં રાતોરાત થયેલા આ વધારાથી ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે.

યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલ અને ઈમ્પોર્ટ-એક્સપોર્ટના ખર્ચમાં વધારો થતા ખાદ્યતેલના ડબ્બાના ભાવ આસમાને પહોંચ્યા છે. રાજકોટ માર્કેટમાં આજે સિંગતેલના ડબ્બા દીઠ રૂપિયા ૨૦નો વધારો નોંધાયો છે. જ્યારે કપાસિયા તેલના ડબ્બા દીઠ રૂપિયા ૩૦નો વધારો નોંધાયો છે. આ સાથે પામતેલના ડબ્બોમાં સૌથી વધુ રૂપિયા ૬૦નો વધારો નોંધાયો છે.

ભાવવધારા બાદ હવે બજારમાં તેલના ભાવ નવી સપાટીએ પહોંચ્યા છે. જેમાં સિંગતેલના ડબ્બાનો ભાવ રૂપિયા ૨૮૬૦ થી ૨૯૧૦, કપાસિયા તેલના ડબ્બાના ભાવ રૂપિયા ૨૩૬૦ થી ૨૩૮૫ અને પામતેલ રૂપિયા ૨૩૦૦ થી ૨૩૬૦ ના દરે વેચાઈ રહ્યો છે.

વેપારીઓના મતે જો યુદ્ધની સ્થિતિ લાંબી ચાલશે, તો આગામી દિવસોમાં હજુ પણ ભાવમાં વધારો થવાની શક્યતા છે. મોંઘવારીના આ મારથી સામાન્ય મધ્યમવર્ગીય પરિવારોમાં ચિંતાની લાગણી વ્યાપી ગઈ છે.

# વિશ્વ મહિલા દિવસે વલસાડમાં મહિલા ક્રિકેટ રમાઈ: શાહ એન.એચ. કોમર્સ કોલેજ ચેમ્પિયન બની







**કારકિર્દીના ઘડતરમાં રમત-ગમત ખુબ જ મહત્વની હોવાથી સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે : ધારાસભ્ય ભરતભાઈ પટેલ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ,તા.૦૯**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત ટેનિસ બોલ ક્રિકેટ એસોસિએશનના નેજા હેઠળ વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિએશન દ્વારા ઓપન ગુજરાત ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજના ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી શ્રીમતિ સોનલબેન સોલંકી, શ્રી સાંઈ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિએશન પ્રમુખ શ્રી કેયુરભાઇ પટેલ, સેક્રેટરી જનરલ શ્રી નિલેશ કોસીયા, સામાજિક કાર્યકર શ્રી વિનોદભાઈ પટેલ, સી.બી.આઈના પીએસઆઈ શ્રી સી.એમ.મકવાણા, સામાજિક કાર્યકર શ્રી ભરતભાઈ બલસારા દ્વારા દીપ પ્રગટાવી શ્રી ફળ વધેરી અને રીબીન કાપી ટૂર્નામેન્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનું મહત્વ અને વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિએશનનો પરિચય એસોસિએશનના સેક્રેટરી શ્રી નિલેશ કોસીયાએ આપ્યો હતો. જ્યારે ધારાસભ્યશ્રી ભરતભાઈ દ્વારા કારકિર્દીના ઘડતરમાં રમત-ગમત ખુબ જ મહત્વનું છે અને સરકારશ્રી દ્વારા રમત-ગમતને ખૂબ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. જેનો લાભ લેવા જણાવાયું હતું. ગુજરાત પ્રદેશ સંગઠનના અધ્યક્ષ શ્રીમતિ સોનલબેન સોલંકી દ્વારા સ્પર્ધામાં ભાગ લેનાર મહિલા ખેલાડીઓને અભિનંદન સાથે મહિલા દિવસની શુભકામના પાઠવી હતી અને આજની સ્પર્ધામાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી નારી શક્તિનો પરિચય બતાવવા આહવાન કર્યુ હતું.

વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે આયોજિત ઓપન ગુજરાત મહિલા ટેનિસ બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં કુલ ૮ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં શાહ એન.એચ.કોમર્સ કોલેજ ટીમ ચેમ્પિયન બની અને કળશ ઈલેવન રનર્સ અપ બની હતી. મહિલા પતંજલિ યોગ સમિતિના રાજ્ય પ્રભારી શ્રીમતી તનુજાબેન આર્ય, વી.ટી.બી.સી.એ.ના પ્રમુખ શ્રી કેયુરભાઈ પટેલ, શ્રી વિનોદભાઈ પટેલ અને શ્રી ભરતભાઈ બલસારા, એન.ટી.બી.સી.એ.ના સેક્રેટરી શ્રી પાર્થિવભાઈ પટેલ તેમજ આમંત્રિત મહેમાનોના હસ્તે વિજેતા ટીમને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. જ્યારે જયમ ગ્રુપ દ્વારા વિજેતા અને ઉપવિજેતા ટીમોને ટીશર્ટ આપી સન્માનિત કર્યા હતા. શ્રીમતિ સોનલબેન પટેલ દ્વારા વિજેતા અને ઉપવિજેતા ટીમના કોચ અને ટીમ મેનેજરને ટીશર્ટ આપી સન્માનિત કર્યા હતા.

શ્રીમતિ સોનલબેન પટેલ કમિટી મેમ્બર, શ્રી રાજકુમાર મોરેકર કળશ એકેડમી, નીશીત કોસીયા, કાજલ ગુપ્તા, પલક પરમાર, નિરાલી હરિયાવાલા, મુકેશભાઈ પટેલ કોમર્સ કોલેજ વલસાડ, અશોકભાઈ ટંડેલ પારડી, જયેશભાઇ બી.પટેલ નાનાપોંઢા, અશ્વિનભાઈ બસ્તા ધરમપુર, વિઠ્ઠલભાઈ રાઉત, સંજયભાઈ રાઉતે આ ટુર્નામેન્ટને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## સુરત મહાનગર ભાજપ મહિલા મોરચા દ્વારા

# ‘વિશ્વ મહિલા દિવસ’ની ભવ્ય ઉજવણી: વિવિધ ક્ષેત્રની નારી શક્તિનું કરાયું સન્માન







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા. ૦૯**

વિશ્વ મહિલા દિવસના અવસરે સુરત મહાનગર ભાજપ મહિલા મોરચા દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નારી શક્તિના સામર્થ્યને બિરદાવવા અને સમાજમાં મહિલાઓના પ્રદાનને રેખાંકિત કરવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકીનું પ્રેરક માર્ગદર્શન :** આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી (જૈન) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉપસ્થિત મહિલાઓને સંબોધતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી રહી છે. સરકારની વિવિધ યોજનાઓ અને સંગઠનની શક્તિ દ્વારા મહિલાઓ આર્થિક અને સામાજિક રીતે વધુ સશક્ત બને

**પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી (જૈન)એ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે આપ્યું માર્ગદર્શન**

તે દિશામાં થઈ રહેલા કાર્યો અંગે તેમણે વિસ્તૃત માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

**ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહિલાઓનું સન્માન :** કાર્યક્રમ દરમિયાન સમાજના વિવિધ ક્ષેત્રો જેવા કે શિક્ષણ, આરોગ્ય, સેવા અને રમતગમતમાં ઉત્કૃષ્ટ તેમજ પ્રેરણાદાયી કામગીરી કરનાર મહિલાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના હસ્તે સન્માન પત્ર આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

**સંગઠન અને સામાજિક મહિલાઓની બહોળી હાજરી :** સુરત મહાનગર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતિ જાગૃતિબેન દેસાઈના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રસંગે સુરત મહાનગર મહિલા મોરચાના હોદ્દેદારો, વિવિધ વોર્ડના કાર્યકરો તેમજ સામાજિક ક્ષેત્રે સક્રિય મહિલા અગ્રણીઓ ખૂબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ નારી શક્તિના ઉત્સાહ અને સંગઠિત શક્તિના પ્રતીક સમાન રહ્યો હતો.

# કપરાડાના અંભેટી કેવીકેમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે જન શિક્ષણ સંસ્થાન અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી, કપરાડાના સંયુક્ત ઉપક્રમે મહિલાઆનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઝોન કો-ઓર્ડીનેટર પ્રીતિબેન પાંડે દ્વારા યોગ થકી હેલ્થ, વેલ્થ અને હેપીનેસ વિષય પર સુંદર પ્રવચન આપવામાં આવ્યું હતું. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ડાયરેક્ટર ડો. રાજેન્દ્રસિંહ ઠાકોર મહિલાઓને નારી તું નારાયણી વિષય પર આદિકાળથી આજ દિન સુધીની નારીઓના મહિલા સશક્તિકરણની વાતો કરી હતી. જન શિક્ષણ સંસ્થાનના ડાયરેક્ટર શ્રીમતિ રીનલ આહીર દ્વારા સંસ્થાનમાં ચાલતી તાલીમ જેમ કે, સિલાઈ, બ્યુટી પાર્લર, ફૂડ પ્રિઝર્વેશન, કોમ્પ્યુટર ક્લાસીસ વગેરેની તાલીમની જાણકારી આપી હતી. આ તાલીમ લઈ મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રોગ્રામ આસિસ્ટન્ટ શ્રીમતિ પ્રેમિલાબેન આહીરે પ્રાકૃતિક ખેતી અને મશરૂમની ખેતી વિશે સુંદર જાણકારી આપી હતી. કાર્યક્રમમાં જન શિક્ષણ સંસ્થાનના વાઈસ ચેરમેન શ્રીમતિ રતનબેન પટેલ દ્વારા સુંદર ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું.

# ઉત્કર્ષ મંડળ નવસારી દ્વારા મહિલાઓના નેતૃત્વમાં વિશ્વ મહિલા દિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૯**

વિશ્વ મહિલા દિવસના આગળના દિવસે પ્રજાપતિ આશ્રમમાં મહિલાઓના નેતૃત્વમાં સંપૂર્ણ મહિલા સંચાલિત વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરી એક નવતર પહેલ ઉત્કર્ષ મંડળે કરી છે. ઉત્કર્ષ મંડળ છેલ્લા ૧૪ અઠવાડીયાથી ‘ઊર્જા ખર્ચી ઊર્જા બચાવો’ના પ્રોગામમાં લૂન્સીકુઈના મેદાનથી પદયાત્રા કરી જનજાગૃતિ અભિયાન ચલાવી રહેલ છે.

ગત શનિવારે ખાસ મહિલા દિવસને અનુરૂપ મહિલાઓને અનુલક્ષી નિરાબેન પંડ્યા, સોનલબેન રાણા, નયનાબેન જગીવાલાની આગેવાનીમાં ઉત્કર્ષ મંડળે પદયાત્રા કરી લૂન્સીકુઈથી પ્રજાપતિ આશ્રમમાં જઈ શીલાબેન નાયકના પ્રમુખપણામાં મહિલા સભાનું આયોજન કરાયું હતું સભા મંચ સંપૂર્ણ પણે મહિલાઓએ શોભાવ્યું હતું. સભાનું સંચાલન નિરાબેન પંડ્યાએ સંભાળ્યું હતું. સોનલબેનની સુંદર પ્રાર્થનાથી સભાની શરૂઆત કરવામાં આવી હતી. શીલા બેને સૌનું સ્વાગત્ કર્યું હતું.

હર્ષાબેન ઘોઘારીએ વિશ્વ મહિલા દિવસની શરૂઆત કેવી રીતે થઈ અને તેની વિશેષતા તેમજ મહિલાઓની ફરજ અને જવાબદારી અંગે વિદ્વતાપૂર્વક સુંદર સરળ ભાષામાં સમજ આપી હતી.


હર્ષિદાબેન પટેલ કે જેઓ સખી વનસ્ટોપ સેન્ટર નવસારીના સંચાલિકા છે. જે સેન્ટર રાત દિવસ ચાલે છે. જે નારીસંરક્ષણ અને સુરક્ષા મહિલાઓને પુરી પાડે છે. હર્ષિદાબેન નોકરી તથા કુંટુબની જવાબદારી સાથે સાથે પી.એચ.ડી.નો અભ્યાસ પણ કરતા આવેલ છે. તેમનું તેમજ સવિતાબેન પટેલ જેઓ એમ.એ. બી.એડ. છે અને ૩૮ વર્ષથી પ્રગતિ મહિલા છાત્રાલયના સંચાલિકા તરીકે સેવા આપી રહ્યા છે. તેમજ કારોબારીના સભ્ય પણ છે તેમનું તથા જશવંતીબેન પટેલ કે જેઓ પ્રગતિ મહિલા છાત્રાલયના પ્રમુખ છે તેમજ વર્ષોથી વિવિધ સંસ્થાઓમાં ઉચ્ચ પદ સંભાળી સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડી રહ્યા છે. જે તમામ બહેનોની સેવાઓને બિરદાવી તેમનું શાલ અને બુકે આપી સન્માન કરવામાં આવ્યું હતું.

વિશ્વ મહિલા દિવસને અનુરૂપ મહિલાને પ્રાધાન્ય આપવું અને તેમની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી યોગ્ય તે સન્માન કરવું એ હાલના સમયમાં શ્રેષ્ઠ સંદેશ આપતા ઉત્કર્ષ મંડળના કાર્યક્રમને વ્યાપક પ્રસંશા પ્રાપ્ત થઈ હતી.

# વલસાડના કોસંબાની ચાર યુવતીએ ઘરેથી શરૂ કરેલું હેન્ડીક્રાફ્ટ બેંગલસનું સ્ટાર્ટઅપ મોટા બિઝનેસમાં પરિણમ્યું: વર્ષે રૂ.૨.૨૫ કરોડનું ટર્ન ઓવર







**■ ઓનલાઈન વેચાણ પ્લેટફોર્મ દ્વારા વલસાડની બેંગલસ આજે ભારતના ખૂણે ખૂણે તેમજ વિદેશમાં અમેરિકા, કેનેડા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને દુબઈ સુધી પહોંચી ■ આગામી પાંચ વર્ષમાં તાશા ક્રાફ્ટમાં ૧૨૦૦ મહિલાઓને રોજગારી અને ૧૦૦ કરોડનું ટર્ન ઓવર ધરાવતી કંપની બનાવવાનું વિઝન ■ હાલમાં ૧૫૦ યુવતીઓને ઘર આંગણે રોજગારી આપી મહિલા સશક્તિકરણનું ઉત્તમ દ્રષ્ટાંત રજૂ કર્યું**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

વલસાડ તાલુકાના કોસંબા ગામની ચાર યુવતીએ કોરોના કાળમાં લોકડાઉન વખતે શોખથી હેન્ડીક્રાફટ બેંગલસ બનાવવાનું ચાલુ કર્યુ હતું. હાથ બનાવટની આ કલા લોકો સુધી પહોંચે તે માટે રિલ્સ બનાવી સોશિયલ મીડિયામાં અપલોડ કરતા વાયરલ થઈ હતી અને હેન્ડી ક્રાફટ બેંગ્લસની ડિમાન્ડ વધતા નાના પાયે શોખથી શરૂ કરેલું નાનું કામ આજે કરોડો રૂપિયાનું ટર્ન ઓવર કરે છે, સાથે જ ગામની યુવતીઓ અને મહિલાઓને આત્મનિર્ભર બનાવી ઘર આંગણે રોજગારી આપનારૂ મુખ્ય કેન્દ્ર પણ બન્યું છે. કોસંબાની આ ચાર યુવતીએ સાબિત કર્યું કે, જો ઈચ્છાશક્તિ, મહેનત અને નવીન વિચાર હોય તો નાનકડો શોખ પણ મોટી સફળતામાં બદલાઈ શકે છે. આજે તા.૮ માર્ચ વિશ્વ મહિલા દિવસે તેમની આ સફર અનેક મહિલાઓ માટે પ્રેરણાદાયક મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ બની રહેશે.

કોરોના મહામારી દરમિયાન મોટા ભાગના લોકો માટે રોજગાર અને જીવનજરૂરી બાબતો મેળવવી મુશ્કેલ બની હતી, ત્યારે વલસાડના કોસંબા ગામમાં રહેતી અને બીસીએની ડિગ્રી ધરાવતી ખુશ્બુ ટંડેલે કોરોના કાળમાં શોખથી શરૂ કરેલુ કામ આજે કેવી રીતે કરોડો રૂપિયાના બિઝનેસમાં પરિવર્તિત થયું તેની કહાની તેમના દ્વારા જ જાણીએ. નાના ગામને ગ્લોબલ સુધીની ઓળખ આપનાર ખુશ્બુ ટંડેલ જણાવે છે કે, મને નાનપણથી જ હેન્ડીક્રાફટનો ખૂબ જ શોખ હતો, જેથી લોકડાઉનમાં ઘર બેઠા હેન્ડીક્રાફટ બેંગલસ, નેકલેસ અને ઈયરીંગ્સ બનાવવાનું ચાલુ કર્યુ હતુ અને હાથ બનાવટની કલાને પ્રોત્સાહિત કરવા રિલ્સ બનાવી સોશિયલ મીડિયા પર અપલોડ કરી હતી. જે વાયરલ થતા આશ્ચર્યજનક રીતે હેન્ડીક્રાફટ બેંગલસની ખૂબ જ ડિમાન્ડ આવવા લાગી. ત્યારબાદ ૨૦૨૧માં તિથલ રોડ પર લોહાણા સમાજના હોલમાં એક્ઝિબીશન રાખવામાં આવ્યું, જેમાં ખૂબ જ સારો રિસ્પોન્સ મળતા હાથે બનાવેલી અમારી બેંગલસની ડિઝાઈન અને ગુણવત્તા લોકોને ખૂબ જ પસંદ પડી હતી. ત્યારબાદ ગામમાં જ શોપિંગ કોમ્પ્લેક્ષ ભાડે લઈ ઘરેથી શરૂ કરેલી આ સફર મોટા બિઝનેસમાં પરિણમી હતી.

**ખાસ લેખ**
**- જિજ્ઞેશ સોલંકી**

જાત જાતની અને ભાત ભાતની બેંગલ્સની વેરાઈટીઝ અંગે એમ.ટેક થયેલી અંજલી વાડીવાલા કહે છે કે, રિવર ઓફ ઈન્ડિયા થીમ આધારિત બનાવેલી બેંગલસ મહિલા અને યુવતીઓને ખૂબ જ પસંદ આવી હતી ત્યારબાદ કુદરતી ફલાવર્સ, મિક્સ મેચ અને હાલની Gen- Z પેઢીને ધ્યાનમાં રાખીને તેઓની ચોઈસ મુજબ ડેનિમ બેંગલસનું પણ કલેકશન બનાવ્યુ છે. આ સિવાય આપણી ભાતીગળ સંસ્કૃતિની ઓળખ સમી પટોળા, મીરર વર્ક અને બાંધણીને ધ્યાનમાં રાખી તે મુજબની બેંગલસ પણ બનાવી છે. લોકો સુધી હેન્ડીક્રાફટની પ્રોડક્ટ પહોંચાડવા માટે મોટી બ્રાન્ડ ગણાતા ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર વેચાણ કરવાનું ચાલુ કરતા આજે ભારતના ખૂણે ખૂણે તાશા ક્રાફટની બંગડી સપ્લાય થાય છે. આ સિવાય અમેરિકા, કેનેડા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને દુબઈથી પણ ઓર્ડર આવે છે.

મહિલા સશક્તિકરણનું દ્રષ્ટાંત આપતા એમ.બી.એ. ફાઈનાન્સ થયેલી અંજલી ટંડેલ જણાવે છે કે, આજે દરેકને સરકારી નોકરી મળવી મુશ્કેલ છે, જેથી પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરી પોતે પણ આર્થિક રીતે પગભર બની શકે છે અને સાથે અન્યોને પણ રોજગારી આપી શકે છે. ખૂશ્બુ ટંડેલે પોતાની દીકરી તાશાના નામથી શરૂ કરેલી આ સફરમાં ધીમે ધીમે હું અને અંજલિ વાડીવાલા તેમજ અંતિકા ટંડેલ પણ જોડાઈ હતી. વર્ષે રૂ.૨.૨૫ કરોડનું ટર્ન ઓવર કરતો આ સ્ટાર્ટઅપ બિઝનેસ અમે ૮ મહિલા મેમ્બરની કોર ટીમ ચલાવી રહી છે અને સાથે ૧૫૦ યુવતીઓને ઘર આંગણે રોજગારી આપી સ્ત્રી સશક્તિરણનું દ્રષ્ટાંત પુરૂ પાડ્યુ છે. આગામી પાંચ વર્ષમાં તાશા ક્રાફટમાં ૧૨૦૦ મહિલાઓને રોજગારી મળી શકે અને ૧૦૦ કરોડનું ટર્ન ઓવર કરતા થાય એવી કંપની બનાવવાનું વિઝન છે.

બી.એસ.સી. થયેલી અંતિકા ટંડેલ કહે છે કે, શૂન્યથી શરૂ થયેલી આ સફરને શિખર સુધી પહોંચાડવા માટે અમારા બિઝનેસને વધુ ઊંચાઈએ લઈ જવા કોટેજ ફેક્ટરી શરૂ કરવાનું આયોજન છે. અમારી આ સફળતાની ગાથામાં અમારા પરિવારજનોના સહકાર અને મદદના કારણે જ અમે અહી સુધી પહોંચી શક્યા છે. સોની ટીવી પર પ્રસારિત શાર્ક ટેન્કમાં પણ અમે જઈ આવ્યા છે અને અમારી સફળતાની કહાની દુનિયા સમક્ષ રજૂ કરી છે.

આમ, નાનકડા ગામથી આંતરરાષ્ટ્રીય બજાર સુધી આ ચાર યુવતીની મહેનત અને સફળતાની કહાની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ‘‘વોકલ ફોર લોકલ’’ના મંત્રને ચરિતાર્થ કરી અનેક લોકોને પ્રેરણા આપે છે.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# ભારતમાં હજી પણ લોકોને હાર્ડ કેશમાં વિશ્વાસ

રોજબરોજના વ્યવહારોમાં રોકડનું પ્રમાણ ખાસ્સું ઊંચું છે, સત્તાવાર આંકડા મુજબ ગત જાન્યુઆરી મહિનામાં વિક્રમી ૪૦ લાખ કરોડની કરન્સી સર્ક્યુલેશનમાં હતી, જે ગયાં વર્ષે આ સમયગાળાની સરખામણીમાં ૧૧.૧ ટકા જેટલો વધારો સૂચવે છે. ડિજિટલ પેમેન્ટની દિશામાં આગળ વધવાની સરકારી પહેલ છતાં દેશના નાગરિકો હજી પણ મોટાં પ્રમાણમાં રોકડમાં વ્યવહાર કરે છે. છેલ્લા એક દાયકામાં કરન્સી હોલ્ડિંગ્સમાં સ્થિર વધારો થયો હોવાનું જોવા મળે છે. ભારતમાં હજી પણ લોકોને હાર્ડ કેશમાં વિશ્વાસ છે અને એનાં કારણો પણ વ્યાપક છે. જો કે, આ સાથે જ ડિજિટલ પેમેન્ટમાં પણ સાતત્યપૂર્વક વધારો થતો હોવાનું જોવા મળી રહ્યું છે અને છતાં રોકડ પરનો મદાર, વિશ્વાસ અને ઢોળાવ ચોંકાવનારો છે.



૨૦૨૫માં આ સમયગાળામાં જ કરન્સી ઈન સર્ક્યુલેશનમાં ૫.૩ ટકા જેવો વધારો થયો હતો. આથી આ વખતે તેમાં બમણા જેટલો ઉછાળો આવ્યો છે. માસિક યુપીઆઇ વ્યવહારો રૂા. ૨૮.૩ લાખ કરોડની આસપાસ પહોંચ્યા હોવાનું એસબીઆઈએ હાથ ધરેલા સંશોધનમાં સામે આવ્યું છે, જે અર્થતંત્રમાં કુલ કેશ સ્ટોકના ૭૦ ટકા જેટલું છે. આમ છતાં, રોકડ પ્રત્યે ભારતીયોનું વળગણ ઓછું થતું નથી, અને થશે પણ નહીં. કારણ કે, દેશમાં દરેક લોકો ડિજિટલ ચુકવણી કરવા સક્ષમ નથી અને દરેક ક્ષેત્રે ડિજિટલ ચુકવણી જ કરવી પણ અશક્ય છે. જુલાઈ ૨૦૨૫માં એકલા કર્ણાટકમાં ૧૮,૦૦૦ જેટલી જીએસટી ડિમાન્ડ નોટિસો જારી કરવામાં આવી હતી. અનેક નાના વેપારીઓ આનાં કારણે યુપીઆઇ કે ડિજિટલ પેમેન્ટથી કેશ તરફ વળ્યા હતા. કર્ણાટકની જેમ પશ્ચિમ બંગાળ, કેરળ, બિહાર અને છત્તીસગઢ જેવાં રાજ્યોમાં પણ ડિજિટલ પેમેન્ટ તરફ ઉદાસીનતા વધતી હોવાનું આંકડા કહે છે. આ રાજ્યોમાં એટીએમ દ્વારા નાણાં કઢાવવાનું પ્રમાણ કર્ણાટકમાં ૨૦૨૫ના જુલાઈ મહિનાઓમાં મોકલવામાં આવેલી જીએસટી નોટિસો પછી વધ્યું હોવાની ચોંકાવનારી માહિતી એસબીઆઈએ હાથ ધરેલાં સંશોધનમાં સામે આવી હતી. જીએસટીનાં વર્તુળમાં આવવાથી બચવા ફરી રોકડમાં વ્યવહાર કરનારાઓની સંખ્યામાં વધારો થયો છે, તો બેન્ક થાપણો પર વ્યાજદર ઘટી રહ્યા હોવાથી ગ્રામીણ વિસ્તારોમાં લોકો રોકડ પોતાની પાસે રાખવાનું વધુ પસંદ કરતા હોવાનું વલણ જોવા મળી રહ્યું છે. એક શક્યતા એવી પણ છે કે, સોનાં-ચાંદીના આસમાને પહોંચેલા દરોને કારણે લોકોએ આ મોંઘી ધાતુઓ વેચી રોકડી કરી લીધી હોય અને આથી તેમની પાસે રોકડ વધી હોઈ શકે. રૂપિયા બે હજારની ચલણી નોટ પાછી ખેંચાવાને કારણે મધ્યમ મૂલ્યની ચલણી નોટનું પ્રમાણ ચલણમાં વધ્યું છે. એ જ રીતે ૨૦ રૂપિયાથી ઓછાં મૂલ્યની નોટોનું મહત્ત્વ ચલણમાં ઓછું થયું છે. અર્થશાસ્ત્રીઓ કહે છે કે, આ ટ્રેન્ડ ચિંતાજનક નથી, કેમ કે, એકંદર લોકો વધુ રોકડ ધરાવે છે, પણ કેશ ટુ જીડીપી ગુણોત્તરમાં ઘટાડો થઈ રહ્યો છે અને જે રીતે યુપીઆઇ વ્યવહારોમાં વૃદ્ધિ થઈ રહી છે. આમ લોકો પાસે રોકડ વધુ હોવા છતાં ચલણમાં તેનું પ્રમાણ બહુ વધ્યું નથી, એવી દલીલ નિષ્ણાતો કરી રહ્યા છે.

# મહેસાણામાં ૪૧૧ બોટલ રક્તદાન કરીને મહિલાઓએ ઈતિહાસ રચ્યો

## કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓએ સ્વયંપ્રેરિત થઈ રક્તદાન કરીને સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું: મહિલાઓ સંચાલિત કેમ્પ એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મહેસાણા, તા.૦૯**

મહેસાણા શહેરમાં વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ઈનરવ્હીલ કલબ ઓફ મહેસાણા અને રોટરી કલબ ઓફ મહેસાણાના સંયુક્ત ઉપક્રમે ફક્ત મહિલાઓ માટે અને મહિલાઓ દ્વારા સંચાલિત રક્તદાન કેમ્પ યોજાયો હતો. આ અનોખા કેમ્પમાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કુલ ૪૧૧ બોટલ રક્તદાન કર્યું હતું. આ અભૂતપૂર્વ આયોજનને એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું છે. ખાસ નોંધનીય બાબત એ છે કે આ પ્રકારનું આયોજન આખા ભારત તેમજ એશિયા સ્તરે પ્રથમવાર નોંધાયું છે.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓએ સ્વયંપ્રેરિત થઈ રક્તદાન કરીને સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. મહિલાઓ દ્વારા સંચાલિત આ કેમ્પમાં આયોજન, વ્યવસ્થા અને સંચાલન તમામ ક્ષેત્રે મહિલાઓની સક્રિય ભૂમિકા રહી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ રક્તદાતા મહિલાઓને સન્માનિત કરી તેમની સેવા ભાવનાને બિરદાવતા જણાવ્યું હતું કે રક્તદાન માનવતા માટેનું સૌથી મહાન દાન છે અને આવી પ્રવૃત્તિઓ સમાજ માટે પ્રેરણાદાયી છે. મહાનુભાવોએ રક્તદાતા મહિલાઓને ગિફ્ટ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરી અને સમાજમાં વધુમાં વધુ લોકો રક્તદાન માટે પ્રેરિત થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

# વિષયોમાં રાગ પરમાત્માનો સાક્ષાત્કાર થતાં નિવૃત્ત થઈ જાય છે

પ્રત્યેક મનુષ્યનો પોતાની પ્રકૃતિને સાથે લઈને જ જન્મ થાય છે, આથી તેણે પોતાની પ્રકૃતિ અનુસાર કર્મો કરવાં જ પડે છે, એટલા માટે હવે ભગવાન આગળના શ્લોક(૩/૩૪)માં પ્રકૃતિને શુદ્ધ કરવાનો ઉપાય બતાવે છે.

ઈન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે રાગદ્વેષૌ વ્યવસ્થિતૌ
તયોર્ન વશમાગચ્છેત્તૌ હ્યસ્ય પરિપન્થિનૌ

(ઈન્દ્રિયસ્ય ઈન્દ્રિયસ્ય-ઈન્દ્રિય ઈન્દ્રિયના, અર્થે-અર્થમાં એટલે કે પ્રત્યેક ઈન્દ્રિયના પ્રત્યેક વિષયમાં, રાગદ્વેષો-મનુષ્યના રાગ અને દ્વેષ, વ્યવસ્થિતૌ-વ્યવસ્થાથી(અનુકૂળતા અને પ્રતિકૂળતાને લઈને) સ્થિત છે. તયો: મનુષ્યે એ બંન્નેને, વશમ્-વશ, ન-ન, આગચ્છેત્-થવું જોઈએ, હિ-કેમકે, તૌ-એ બંન્નેય, અસ્ય-એના, કલ્યાણ માર્ગમાં, પરિપન્થિનૌ-વિઘ્નો નાખનાર શત્રુ છે)

ઈન્દ્રિય ઈન્દ્રિયના અર્થમાં એટલે કે પ્રત્યેક ઈન્દ્રિયના પ્રત્યેક વિષયમાં મનુષ્યના રાગ અને દ્વેષ વ્યવસ્થાથી એટલે કે અનુકૂળતા અને પ્રતિકૂળતાને લઈને સ્થિત છે. મનુષ્યે એ બંન્નેને વશ ન થવું જોઈએ, કારણ કે, એ બંન્નેય એના કલ્યાણમાર્ગમાં વિઘ્નો નાખનાર શત્રુ છે.

ઈન્દ્રિયોનો સ્વભાવ પોતપોતાના વિષયપદાર્થો પ્રત્યે દોડી જવાનો છે. ઈન્દ્રિયો દોડે છે અને જીવાત્માને દોડાવે છે, ભટકાવે છે. વિષયો પ્રત્યે તીવ્ર આસક્તિ જ રાગ છે અને તીવ્ર નકારાત્મક આસક્તિ દ્વેષ છે. આ બંન્નેના વશમાં ન આવવું જોઈએ.

પ્રત્યેક ઈન્દ્રિયના પ્રત્યેક વિષયમાં રાગદ્વેષને અલગ અલગ રહેલા બતાવવા માટે અહિ ઈન્દ્રિયસ્ય પદ બે વાર આવ્યું છે. પ્રત્યેક ઈન્દ્રિય આંખ, કાન, નાક, ત્વચા અને જીભના પ્રત્યેક વિષય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધમાં અનુકૂળતા પ્રતિકૂળતાની માન્યતાના લીધે મનુષ્યના રાગદ્વેષ સ્થિર રહે છે. ઈન્દ્રિયના વિષયમાં અનુકૂળતાનો ભાવ થવાથી મનુષ્યનો તે વિષયમાં 'રાગ' થઈ જાય છે અને પ્રતિકૂળતાનો ભાવ થવાથી તે વિષયમાં 'દ્વેષ' થઈ જાય છે.

વાસ્તવમાં જોવામાં આવે તો રાગદ્વેષ ઈન્દ્રિયોના વિષયો રહેતા નથી. જો વિષયોમાં રાગદ્વેષ સ્થિર હોત તો એક જ વિષય બધાને સમાનરૂપે પ્રિય કે અપ્રિય લાગત, પરંતુ એવું હોતું નથી. જેમ કે વરસાદ ખેડૂતને તો પ્રિય લાગે છે પણ કુંભારને અપ્રિય લાગે છે. બધા વિષયો પોતાના અનુકૂળતા કે પ્રતિકૂળતાના ભાવથી જ પ્રિય કે અપ્રિય લાગે છે. વાસ્તવમાં રાગદ્વેષ માનેલા 'અહમ્' હુંપણામાં રહે છે. શરીર સાથે માનેલો સંબંધ જ 'અહમ્' કહેવાય છે. આથી જ્યાં સુધી શરીર સાથે માનેલો સંબંધ રહે છે ત્યાં સુધી તેમાં રાગદ્વેષ રહે છે અને તે જ રાગદ્વેષ મન, બુદ્ધિ, ઈન્દ્રિયો તથા ઈન્દ્રિયોના વિષયોમાં પ્રતિત થાય છે. ભગવાને અગાઉ રાગદ્વેષને 'કામ' અને 'ક્રોધ' ના નામે કહ્યા છે. રાગ અને દ્વેષનું જ સ્થૂળરૂપ કામ અને ક્રોધ છે. ઈન્દ્રિયો દ્વારા વિષયોને ગ્રહણ ન કરવાવાળા પુરૂષના વિષય તો નિવૃત્ત થઈ જાય છે પણ તેઓમાં રહેવા વાળો રાગ નિવૃત્ત થતો નથી. વિષયોમાં રાગ પરમાત્માનો સાક્ષાત્કાર થતાં નિવૃત્ત થઈ જાય છે.

તયોર્ન વશમાગચ્છેત્આ પદ દ્વારા ભગવાન સાધકને આશ્વાસન આપે છે કે રાગદ્વેષની વૃત્તિ ઉત્પન્ન થતાં તેણે સાધના અને સાધ્યથી ક્યારેય નિરાશ ન થવું જોઈએ. કર્મોમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ શાસ્ત્રાનુસાર જ હોવી જોઈએ. રાગપૂર્વક પ્રવૃત્તિ કે નિવૃત્તિ થવાથી 'રાગ' પુષ્ટ થાય છે અને દ્વેષપૂર્વક પ્રવૃત્તિ કે નિવૃત્તિ થવાથી 'દ્વેષ' પુષ્ટ થાય છે. આ રીતે રાગદ્વેષ પુષ્ટ થવાના ફળસ્વરૂપે પતન થાય છે.

રાગદ્વેષ ઉપર વિજય મેળવવાના ઉપાય.. રાગદ્વેષને વશીભૂત થઈને કર્મ કરવાથી રાગદ્વેષ પુષ્ટપ્રબળ થાય છે અને અશુદ્ધ પ્રકૃતિસ્વભાવનું રૂપ ધારણ કરી લે છે. પ્રકૃતિ અશુદ્ધ થતાં પ્રકૃતિની અધિનતા રહે છે. એવી અશુદ્ધ પ્રકૃતિની આધિનતાથી થવાવાળાં કર્મો મનુષ્યને બાંધે છે. શરીર, મન, બુદ્ધિ, ઈન્દ્રિયો વગેરે ભગવાનનાં છે અને હું પણ ભગવાનનો છું પછી નિષ્કામ, નિર્મમ અને નિ:સંતાપ થઈને કર્તવ્યકર્મ કરવાથી રાગદ્વેષ દૂર થઈ જાય છે. સકળ સૃષ્ટિ પ્રકૃતિનું કાર્ય છે અને શરીર સૃષ્ટિનો એક અંશ છે. જ્યાં સુધી શરીર પ્રત્યે મમતા રહે છે ત્યાં સુધી રાગદ્વેષ થાય છે. શાસ્ત્રને સામે રાખીને કોઈ




કર્મમાં પ્રવૃત્ત કે નિવૃત્ત થવાથી રાગદ્વેષ દૂર થાય છે. જો કોઈ મનુષ્ય શાસ્ત્રને ન જાણતો હોય તો તેને માટે મહર્ષિ વ્યાસજીનાં વચનો છે કે..

શ્રૂયતાં ધર્મસર્વસ્વં શ્રુત્વા ચૈવાવધાર્યતામ્




આત્મન: પ્રતિકૂલાનિ પરેશાં ન સમાચેરત્

હે મનુષ્યો! તમે લોકો ધર્મનો સાર સાંભળો અને સાંભળીને ધારણ કરો કે જે આપણે પોતાના માટે નથી ઈચ્છતા તે બીજાઓ પ્રત્યે ના કરો.

સાધકે તમામ કર્મો શાસ્ત્રની આજ્ઞાનુસાર કરવાં જોઈએ. મહાપુરૂષોનાં આચરણ અને વચનોનું અનુસરણ કરવાથી સાધકના રાગદ્વેષ દૂર થઈ જાય છે. રાગદ્વેષ અંત:કરણના ધર્મ નથી, ભગવાને રાગદ્વેષને મનોગત કહ્યા છે. એ મનમાં આવવાવાળા છે, સદા રહેવાવાળા નથી. આ ઉપરોક્ત ભગવાને વધારામાં રાગદ્વેષને વિકારો કહ્યા છે અને પ્રિય-અપ્રિયની પ્રાપ્તિમાં ચિત્તનું સદા સમાન રહેવું તેને સાધન કહ્યું છે. રાગ દ્વેષ અંત:કરણમાં આવવા-જવાવાળા છે આથી તેઓને દૂર કરી શકાય છે.

જડ પ્રકૃતિ અને ચેતન પુરૂષ બંન્ને અલગ-અલગ છે. આ બંન્નેનો વિવેક સ્વત: સિદ્ધ છે. પુરૂષ આ વિવેક ને મહત્ત્વ ન આપીને પ્રકૃતિજન્ય શરીર સાથે એકતા કરી લે છે અને પોતાને એકદેશીય માની લે છે. આ જડ ચેતનનું તાદાત્મ્ય જ 'અહમ્' હું કહેવાય છે અને તેમાં રાગદ્વેષ રહે છે. આ જ રાગદ્વેષ બુદ્ધિમાં પ્રતિત થાય છે, જેથી બુદ્ધિમાં સિદ્ધાંત વગેરેના લીધે પોતાની માન્યતા પ્રિય અને બીજાઓની માન્યતા અપ્રિય લાગે છે, પછી આ રાગદ્વેષ મનમાં પ્રતિત થાય છે, જેથી મનને અનુકૂળ વાતો પ્રિય અને પ્રતિકૂળ વાતો અપ્રિય લાગે છે, પછી આ રાગદ્વેષ ઈન્દ્રિયોમાં પ્રતિત થાય છે, જેથી ઈન્દ્રિયોને અનુકૂળ વિષય પ્રિય અને પ્રતિકૂળ વિષય અપ્રિય લાગે છે. આ જ રાગદ્વેષ ઈન્દ્રિયોના વિષયો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધમાં પોતાની અનુકૂળ અને પ્રતિકૂળ ભાવનાના લીધે પ્રતિત થાય છે. આથી જડચેતનની ગ્રંથીરૂપી અહંતાહુંપણાના દૂર થવાથી રાગદ્વેષનો અભાવ થઈ જાય છે, કારણ કે, અહંતા ઉપર રાગદ્વેષ ટકેલા હોય છે.

રાગદ્વેષ જડચેતનના માનેલા સંબંધમાં રહે છે, જડચેતનના માનેલા સંબંધમાં રહેવા છતાં પણ એ રાગદ્વેષ મુખ્યત: જડમાં રહે છે. જડચેતનના તાદાત્મયમાં જડનું આકર્ષણ જડ અંશમાં જ થાય છે પરંતુ તાદાત્મયનાકારણે તે ચેતનમાં દેખાય છે. જડનું આકર્ષણ જ રાગ છે. જો સેવા, સ્મરણ, સત્સંગ, ભજન, ધ્યાન વગેરેમાં 'રાગ' થશે તો સંસાર સાથે દ્વેષ થશે, પરંતુ 'પ્રેમ' થતાં સંસાર સાથે દ્વેષ નહિ થાય પરંતુ સંસારની ઉપેક્ષાવિમુખતા થશે. સંસારના કોઈ એક વિષયમાં 'રાગ' થવાથી બીજા વિષયમાં 'દ્વેષ' થાય છે પરંતુ ભગવાનમાં પ્રેમ થવાથી સંસાર સાથે વૈરાગ્ય થાય છે. વૈરાગ્ય થતાં સંસારથી સુખ લેવાની ભાવના સમાપ્ત થઈ જાય છે અને સંસારની આપમેળે સેવા થાય છે. આનાથી શરીર, મન, બુદ્ધિ, ઈન્દ્રિયોની સાથે 'અહમ્' પણ આપમેળે સંસારની સેવામાં લાગી જાય છે. પરિણામ સ્વરૂપ શરીર વગેરેની સાથે સાથે 'અહમ્'થી પણ સંબંધ વિચ્છેદ થતાં તેમાં રહેવાવાળા રાગદ્વેષ સર્વથા નષ્ટ થઈ જાય છે.

જો સાધક રાગદ્વેષને દૂર કરવામાં પોતાને અસમર્થ અનુભવતો હોય તો તેણે સર્વસમર્થ પરમ સુહ્રદ પ્રભુના શરણમાં ચાલ્યા જવું જોઈએ પછી પ્રભુની કૃપાથી તેના રાગદ્વેષ દૂર થઈ જાય છે અને પરમશાંતિની પ્રાપ્તિની પ્રાપ્તિ થાય છે. માનેલા અહમ્ સહિત શરીર, મન, બુદ્ધિ, ઈન્દ્રિયો, પ્રાણ અને સાંસારીક પદાર્થો ભગવાનનાં જ છે એવું માનવું એ જ ભગવાનને શરણે થવું કહેવાય. નિષ્કામભાવપૂર્વક સંસારની સેવા કરવી એ રાગદ્વેષને દૂર કરવાનો અચૂક ઉપાય છે. આપણી પાસે સ્થૂળ સુક્ષ્મ અને કારણ શરીરથી માંડીને માનેલા અહમ્ સુધી જે કંઈ છે તેને સંસારની જ સેવામાં જોડી દેવાનાં છે.

એહિ તન કર ફલ બિષય ન ભાઈ.. (રામાયણ) જે શરીર, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, પદાર્થ વગેરેથી સેવા થાય છે તે બધાં સંસારનાં જ અંશ છે. જ્યારે સંસાર જ પોતાનો નથી તો પછી તેનો અંશ પોતાનો કેવી રીતે હોઈ શકે? આ શરીર વગેરે પદાર્થોને પોતાના માનવાથી સાચી સેવા થઈ શકતી નથી, કેમકે આનાથી મમતા અને સ્વાર્થભાવ ઉત્પન્ન થઈ જાય છે, એટલા માટે આ પદાર્થોને જેમની સેવા કરવામાં આવે તેમના જ માનવા જોઈએ. જેવી રીતે ભક્ત પદાર્થોને ભગવાનના જ માનીને ભગવાનને અર્પણ કરે છે તેવી જ રીતે કર્મયોગી પદાર્થોને સંસારના જ માનીને સંસારને અર્પણ કરે છે. સેવા તે જ કરી શકે છે જે પોતાના માટે ક્યારેય કશું ઈચ્છતો નથી. સેવા કરવા માટે ધન વગેરે પદાર્થોની ઈચ્છા તો કામના છે. સેવા કરવાની ઈચ્છા પણ કામના છે કારણ કે, સેવાની ઈચ્છા હોવાથી જ ધન વગેરે પદાર્થોની કામના થાય છે, એટલા માટે અવસર પ્રાપ્ત થાય અને યોગ્યતા હોય તો સેવા કરવી જોઈએ પરંતુ સેવાની કામના કરવી જોઈએ નહિ. બીજાને સુખ પહોંચાડીને સુખી થવું, મારા દ્વારા લોકોને સુખ મળે એવો ભાવ રાખવો, સેવાના બદલામાં થોડીક પણ માનબડાઈ ઈચ્છવી અને માનબડાઈ મળતાં રાજી થવું એ વાસ્તવમાં સેવા નહિ ભોગ છે, જેનાથી મમતા અને કામના થાય છે.

ત્તૌ હ્યસ્ય પરિપન્થિનૌપારમાર્થિક માર્ગમાં રાગદ્વેષ જ સાધકની સાધનસંપત્તિને લુંટવાવાળા મુખ્ય શત્રુઓ છે પરંતુ તે તરફ સાધક ધ્યાન આપતો નથી. આ જ કારણથી સાધના કરવા છતાં સાધકની જેટલી આધ્યાત્મિક ઉન્નતિ થવી જોઈએ તેટલી થતી નથી. સાધનામાં મન લાગતું નથી, પરંતુ વાસ્તવમાં મનનું ન લાગવું એટલું બાધક નથી જેટલા બાધક રાગદ્વેષ છે. રાગદ્વેષ હટાવી દેવાથી મન લાગવાનું સુગમ થઈ જાય છે. સ્વાભાવિક કર્મોનો ત્યાગ કરવો આપણા હાથની વાત નથી પરંતુ એ કર્મોને રાગદ્વેષપૂર્વક કરવાં કે ન કરવાં એ આપણાં હાથની વાત છે. અનુકૂળતા પ્રતિકૂળતામાં સુખી-દુ:ખી ન થવું, સુખી-દુ:ખી થવું એ ફળમાં આસક્ત થવું છે અને ફલાસક્ત મનુષ્ય બંધનમાં પડે છે.

# બજારમાં મંદી વચ્ચે રોકાણકારોમાં સાવચેતીપૂર્વક ખરીદીનો માહોલ...!!!!

## ક્રુડના ઊંચા ભાવ મોંઘવારીમાં વધારો કરવા સાથે અર્થવ્યવસ્થા પર દબાણ ઊભું કરી શકે છે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

સપ્તાહના પ્રથમ દિવસે ભારતીય શેરબજારમાં તાજેતરના ટ્રેડિંગ સેશન દરમિયાન નબળાઈનો માહોલ જોવા મળ્યો હતો. વૈશ્વિક બજારોમાંથી મળેલા નકારાત્મક સંકેતો, વધતા જીઓપોલિટિકલ તણાવ અને વિદેશી સંસ્થાગત રોકાણકારોની વેચવાલી બજારના સેન્ટિમેન્ટને અસર કરતી મુખ્ય બાબતો બની. મુખ્ય સૂચકાંકો દિવસ દરમિયાન અસ્થિરતા સાથે ટ્રેડ થયા હતા અને ઘણા સેક્ટરમાં વેચવાલીનું દબાણ નોંધાયું હતું.

તાજેતરના દિવસોમાં ભારતીય શેરબજારમાં ભારે દબાણ અને સતત વેચવાલી જોવા મળી રહી છે. મુખ્ય સૂચકાંકોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે અને બજારમાં બેરિશ સેન્ટિમેન્ટ સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યો છે. વૈશ્વિક બજારોમાંથી મળેલા નબળા સંકેતો, વધતા જીઓપોલિટિકલ તણાવ, કોમોડિટી બજારમાં ઉતાર-ચઢાવ અને વિદેશી સંસ્થાગત રોકાણકારોની સતત વેચવાલી બજારના ઘટાડાના મુખ્ય કારણો બની રહ્યા છે. રોકાણકારોમાં સાવચેતીનો માહોલ છે અને જોખમવાળા રોકાણમાંથી ઘણા રોકાણકારો બહાર નીકળતા જોવા મળી રહ્યા છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ ભારે નફાવસૂલ પ્રવૃત્તિ જોવા મળી છે, જેના કારણે સમગ્ર માર્કેટ પર દબાણ વધ્યું છે.

**બીએસઈ સેન્સેક્સ:** ટ્રેડિંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ ૭૮૯૧૮ સામે ૭૭૦૫૬ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૭૬૪૨૪ પોઈન્ટના નીચા મથાળે જોવા મળ્યો હતો. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો હતો. દિવસ દરમ્યાન સરેરાશ ૧૨૮૭ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૧૩૫૨ પોઈન્ટના ઘટાડા સાથે ૭૭૫૬૬ પોઈન્ટ બંધ થયો હતો...!!!

**નિફ્ટી ફ્યુચર:** ટ્રેડિંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૨૪,૫૪૫ સામે ૨૩,૮૪૫ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેસિફિક ઘટાડો નોંધાવી ૨૩,૮૦૪ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળેલ. નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો હતો. સરેરાશ ૪૦૦ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૪૫૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪,૦૯૦ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બજારમાં મંદીના મુખ્ય કારણો:** તાજેતરમાં જોવા મળેલી મંદી પાછળ અનેક પરિબળો જવાબદાર છે. વૈશ્વિક સ્તરે વધતી આર્થિક અનિશ્ચિતતા બજારમાં ચિંતા ઊભી કરી રહી છે. વિશ્વના મોટા અર્થતંત્રોમાં વૃદ્ધિ ધીમી પડવાની આશંકા અને વ્યાજદર અંગેની અનિશ્ચિતતા રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરી રહી છે. ક્રુડ ઓઈલના ભાવમાં વધારો ભારત જેવી આયાત આધારિત અર્થવ્યવસ્થા માટે ચિંતા વધારતું પરિબળ છે. ક્રુડના ઊંચા ભાવ મોંઘવારીમાં વધારો કરી શકે છે અને અર્થવ્યવસ્થા પર દબાણ ઊભું કરી શકે છે. આ ઉપરાંત ડોલર મજબૂત બનતા ઉભરતા બજારોમાંથી ફંડ બહાર જવાના સંકેતો જોવા મળી રહ્યા છે. વિદેશી સંસ્થાગત રોકાણકારો દ્વારા કરવામાં આવતી સતત વેચવાલી ભારતીય બજાર માટે નકારાત્મક સાબિત થઈ રહી છે. રોકાણકારો હાલ જોખમ ઘટાડવા માટે ઈક્વિટીમાંથી પૈસા કાઢીને સલામત રોકાણ તરફ વળી રહ્યા છે.




**માર્કેટ બ્રેડ્થ:** માર્કેટ બ્રેડ્થ બજારમાં ચાલી રહેલી નબળાઈને સ્પષ્ટ રીતે દર્શાવે છે. વધતા શેરોની સરખામણીએ ઘટતા શેરોની સંખ્યા નોંધપાત્ર રીતે વધારે રહી છે. એનએસઈ અને બીએસઈ બંને એક્સચેન્જમાં ડિક્લાઈનિંગ સ્ટોક્સનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે, જે બજારમાં વ્યાપક વેચવાલી તરફ ઈશારો કરે છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ખાસ કરીને વધારે દબાણ જોવા મળ્યું છે. ઘણા સ્ટોક્સમાં રોકાણકારો દ્વારા નફાવસૂલ પ્રવૃત્તિ જોવા મળી છે. માર્કેટ બ્રેડ્થ નબળી રહેવી સામાન્ય રીતે બજારમાં નકારાત્મક સેન્ટિમેન્ટ દર્શાવે છે.

**વૈશ્વિક બજારોની અસર:** વૈશ્વિક બજારોમાંથી મળેલા નકારાત્મક સંકેતો ભારતીય શેરબજાર પર સ્પષ્ટ અસરકારક રહ્યા છે. અમેરિકન બજારોમાં અસ્થિરતા, યુરોપિયન અર્થવ્યવસ્થામાં ધીમો વૃદ્ધિ દર અને એશિયન બજારોમાં મિશ્ર ટ્રેન્ડ રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરી રહ્યા છે. વૈશ્વિક સ્તરે વ્યાજદર અંગેની અનિશ્ચિતતા અને બોન્ડ યીલ્ડમાં વધારો ઈક્વિટી બજારો માટે પડકારરૂપ બની રહ્યા છે. મજબૂત ડોલર ઉભરતા બજારો માટે નકારાત્મક છે અને તે કારણે વિદેશી રોકાણકારો આવા બજારોમાંથી પૈસા બહાર કાઢતા જોવા મળે છે.

વિશ્વ સ્તરે ચાલી રહેલી ઘટનાઓ પણ બજાર પર અસરકારક બની રહી છે. મધ્યપૂર્વ વિસ્તારમાં વધતા તણાવ, વૈશ્વિક વેપાર નીતિઓમાં બદલાવ અને મોટા અર્થતંત્રોમાં મંદી અંગેની ચિંતા બજારમાં અનિશ્ચિતતા વધારી રહી છે. અમેરિકાની મોનેટરી પોલિસી અને વ્યાજદર અંગેના નિર્ણયો સમગ્ર વૈશ્વિક બજારો માટે મહત્ત્વપૂર્ણ છે. જો અમેરિકામાં વ્યાજદર લાંબા સમય સુધી ઊંચા રહે તો વૈશ્વિક ઈક્વિટી બજારો પર દબાણ વધવાની શક્યતા રહે છે.

**સ્થાનિક પરિબળો:** સ્થાનિક સ્તરે મોંઘવારીના આંકડા, રૂપિયાની ચળવળ અને સરકારની આર્થિક નીતિઓ રોકાણકારોના નિર્ણયોને અસર કરે છે. રૂપિયો ડોલર સામે નબળો પડતા આયાત ખર્ચમાં વધારો થઈ શકે છે. વિદેશી સંસ્થાગત રોકાણકારોની સતત વેચવાલી બજારમાં દબાણ ઊભું કરી રહી છે. જોકે સ્થાનિક સંસ્થાગત રોકાણકારો અને રિટેલ રોકાણકારોની ખરીદી બજારને થોડો સપોર્ટ આપી રહી છે.

**સેક્ટરવાઈઝ થયેલી મૂવમેન્ટ:** સેક્ટરવાઈઝ જોવામાં આવે તો ઘણા સેક્ટરમાં નબળાઈ જોવા મળી છે. મેટલ, પીએસયુ બેન્ક, રિયલ્ટી અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરમાં ખાસ કરીને ભારે વેચવાલી જોવા મળી છે. વૈશ્વિક માંગમાં અનિશ્ચિતતા અને કોમોડિટી ભાવમાં ઉતાર-ચઢાવના કારણે મેટલ સેક્ટર પર ખાસ અસર થઈ છે. રિયલ્ટી અને બેંકિંગ સેક્ટરમાં પણ નફાવસૂલ પ્રવૃત્તિ જોવા મળી છે. જોકે કેટલાક ડિફેન્સિવ સેક્ટરોએ બજારમાં તુલનાત્મક રીતે સ્થિરતા જાળવી રાખી છે.




નિખિલ ભટ્ટ
+91 99390 80808

**કોમોડિટી બજાર અપડેટ:** કોમોડિટી બજારમાં નોંધપાત્ર ચળવળ જોવા મળી છે. ગોલ્ડના ભાવમાં વધારો નોંધાયો છે. કારણ કે, વૈશ્વિક અનિશ્ચિતતા દરમિયાન રોકાણકારો ગોલ્ડને સલામત રોકાણ તરીકે પસંદ કરે છે. સિલ્વરમાં પણ ગોલ્ડની સાથે તેજી જોવા મળી છે. બેઝ મેટલ્સમાં વૈશ્વિક માંગ અને ચીનના આર્થિક ડેટાના આધારે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યા છે. ક્રુડ ઓઈલના ભાવમાં વધારો વૈશ્વિક અર્થવ્યવસ્થામાં મોંઘવારીનું દબાણ વધારી શકે છે.

**ક્યાં સેક્ટરમાં તેજી જોવા મળી :** બજારમાં વ્યાપક નબળાઈ હોવા છતાં કેટલાક સેક્ટરમાં પસંદગી આધારિત તેજી જોવા મળી છે. આઈટી, એફએમસીજી અને ફાર્મા જેવા ડિફેન્સિવ સેક્ટરમાં રોકાણકારોનો રસ યથાવત રહ્યો છે. આ સેક્ટરના મજબૂત ફંડામેન્ટલ અને સ્થિર આવક મોડલના કારણે બજારની અસ્થિરતા વચ્ચે પણ તેઓ તુલનાત્મક રીતે સ્થિર રહ્યા છે.

**આગામી ટ્રેન્ડ અને બજાર દિશા:** આગામી દિવસોમાં બજારની દિશા મુખ્યત્વે વૈશ્વિક પરિબળો પર આધારિત રહેશે. વૈશ્વિક બજારોની ચાલ, ક્રુડ ઓઈલના ભાવ, વિદેશી રોકાણકારોની ગતિવિધિ અને જીઓપોલિટિકલ પરિસ્થિતિ બજાર માટે મહત્ત્વપૂર્ણ રહેશે. જો વૈશ્વિક પરિસ્થિતિ સ્થિર થાય તો બજારમાં ટેકનિકલ રિક્વરી જોવા મળી શકે છે. પરંતુ જો અનિશ્ચિતતા યથાવત રહેશે તો બજારમાં અસ્થિરતા ચાલુ રહી શકે છે. કુલ મળીને જોવામાં આવે તો ભારતીય શેરબજાર હાલમાં ટૂંકા ગાળે દબાણ હેઠળ છે અને બેરિશ સેન્ટિમેન્ટ સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યો છે. વૈશ્વિક અનિશ્ચિતતા, વિદેશી રોકાણકારોની વેચવાલી અને કોમોડિટી બજારમાં અસ્થિરતા બજારને અસર કરી રહ્યા છે. તેમ છતાં ભારતના મજબૂત આર્થિક ફંડામેન્ટલ અને લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાઓ બજાર માટે સકારાત્મક છે. અસ્થિર બજારમાં રોકાણકારોએ સાવચેતીપૂર્વક અને પસંદગી આધારિત રોકાણ કરવાની વ્યૂહરચના અપનાવવી જરૂરી છે.




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 16.02.2026 TO 20.02.2026 | 25518.80 | 25455.00 | 25877.00 | 25389.70 | 25584.70 | 65.90 |
| 23.02.2026 TO 27.02.2026 | 25635.80 | 25570.00 | 25817.80 | 25286.10 | 25341.00 | -294.80 |
| 02.03.2026 TO 06.03.2026 | 25338.60 | 25100.00 | 25151.00 | 24427.00 | 24565.20 | -773.40 |
| 09.03.2026 TO 13.03.2026 | 24545.70 | 23845.00 | 24204.70 | 23804.00 | 24090.10 | -455.60 |

ડિસ્કલેમર/પોલીસી/શરતો www.nikhilbhatt.inને આધીન...!!! સિક્યોરિટીઝ માર્કેટમાં રોકાણ બજારના જોખમોને આધીન છે. રોકાણ/વેપાર કરતા પહેલાં www.nikhilbhatt.in પર ઉલ્લેખિત ડિસ્ક્લેમર અને તમામ સંબંધિત દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો અને સંમત થાઓ.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### ૨૧ લાખ રૂપિયાનું માતબર ઈનામ આપવામાં આવ્યું

## ટીમ ઈન્ડિયાને ૨૭ કરોડ, પણ સંજુ સેમસન પર થયો અલગથી પૈસાનો વરસાદ!

**ભારતે સતત બીજી વાર ટી-૨૦ વિશ્વ કપ જીતીને નવો ઈતિહાસ રચ્યો : સંજુ સેમસને સળંગ ૩ અડધી સદી ફટકારી**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯:** વર્ષ ૨૦૨૬ ના ટી-૨૦ વિશ્વ કપની અંતિમ મેચમાં ન્યુઝીલેન્ડને ધૂળ ચટાડીને ભારતીય ક્રિકેટ ટીમે સળંગ બીજી વખત આ મોટો ખિતાબ પોતાના નામે કર્યો છે. ન્યુઝીલેન્ડ સામે રમાયેલી આ મહામુકાબલા વાળી મેચમાં શાનદાર રમત દાખવવા બદલ ભારતીય ટીમને અને ખાસ કરીને આખી સ્પર્ધાના સવર્શ્રેષ્ઠ ખેલાડી રહેલા સંજુ સેમસનને કરોડો રૂપિયાની ઈનામી રકમ મળી છે. આ જીત માત્ર એક ટ્રોફી નથી, પણ દરેક ભારતીય માટે એક મોટો ઉત્સવ બની ગઈ છે. મેદાન પર ખેલાડીઓએ પરસેવો પાડ્યો અને સામે તેમને ઈનામમાં રૂપિયાનો મોટો ખજાનો મળ્યો છે.

આ વખતના વિશ્વ કપમાં જો કોઈ ખેલાડીએ લોકોના મનમાં સૌથી મોટું સ્થાન બનાવ્યું હોય તો તે છે સંજુ સેમસન. આ એ જ ખેલાડી છે જેને શરૂઆતની મેચોમાં રમવા માટેની અંતિમ અગિયારની યાદીમાં પણ સ્થાન નહોતું મળતું. તેને સતત બેન્ચ પર બેસી રહેવાનો વારો આવતો હતો. પરંતુ જ્યારે તેને મેદાનમાં ઉતારીને પોતાની કાબેલિયત સાબિત કરવાની તક મળી, ત્યારે તેણે એવી ધૂમ મચાવી કે વિવેચકોના મોં બંધ થઈ ગયા. તેણે આખી સ્પર્ધામાં માત્ર ૫ મેચ રમી અને તેમાં જ ૩૨૧ રનનો મોટો પહાડ ખડકી દીધો. તેણે સળંગ ૩ મેચમાં ૫૦થી વધુ રન બનાવીને ક્રિકેટ જગતમાં એક નવો જ ઈતિહાસ રચી દીધો છે. તેના આ જબરદસ્ત પ્રદર્શનને કારણે તેને સમગ્ર સ્પર્ધાનો સવર્શ્રેષ્ઠ ખેલાડી જાહેર કરવામાં આવ્યો.

ઝિમ્બાબ્વે સામેની મેચમાં જ્યારે સંજુએ વાપસી કરી ત્યારે તે માત્ર ૨૪ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. તે સમયે કેટલાક લોકોને લાગ્યું કે આ ખેલાડી ફોર્મમાં નથી. પરંતુ ત્યારબાદ વેસ્ટ ઈન્ડીઝ સામેની કરો યા મરો જેવી કપરી સ્થિતિવાળી મેચમાં તેણે અણનમ ૯૭ રન ઝૂડી કાઢ્યા અને પોતાની ટીમને શાનદાર જીત અપાવી. ત્યારપછી તો જાણે તેનો બલ્લો રોકાવાનું નામ જ નહોતો લેતો. ઈંગ્લેન્ડ સામે રમાયેલી ઉપાંત્ય મેચમાં ૮૯ રન અને છેલ્લે ન્યુઝીલેન્ડ સામેની રસાકસી વાળી અંતિમ મેચમાં પણ તેણે ૮૯ રનની તોફાની રમત રમીને સૌના દિલ જીતી લીધા. આખી સ્પર્ધામાં પોતાની તોફાની રમતથી ધમાલ મચાવનાર સંજુ સેમસનને સ્પર્ધાનો સવર્શ્રેષ્ઠ ખેલાડી બનવા બદલ ૨૫,૦૦૦ અમેરિકન ડોલર એટલે કે ભારતીય રૂપિયા મુજબ આશરે ૨૧ લાખ રૂપિયાનું માતબર ઈનામ આપવામાં આવ્યું છે. આ સિવાય અંતિમ મેચમાં ન્યુઝીલેન્ડના ૪ મહત્વના ખેલાડીઓની વિકેટ પાડીને તેમને મેદાનની બહાર મોકલનાર આપણા જસપ્રીત બુમરાહને મેચનો સવર્શ્રેષ્ઠ ખેલાડી જાહેર કરવામાં આવ્યો હતો. બુમરાહને આ સિદ્ધિ બદલ અલગથી આશરે ૮૪ લાખ રૂપિયાની ઈનામી રકમ ચૂકવવામાં આવી છે. તમને જાણીને ગર્વ થશે કે ભારત દુનિયાનો એવો પહેલો દેશ બની ગયો છે જેણે સળંગ ૨ વાર ટી-૨૦ વિશ્વ કપનો તાજ પોતાના માથે પહેર્યો છે. વિશ્વ વિજેતા બનવા બદલ ભારતીય ટીમને ૨૭.૪૮ કરોડ રૂપિયાની જંગી ઈનામી રકમ મળી છે. જ્યારે બીજી તરફ ઉપવિજેતા રહેલી ટીમ એટલે કે ન્યુઝીલેન્ડને પણ આશરે ૧૪.૬૫ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.

## ભારતને પ્રથમ બેટિંગ આપવી ન્યુઝીલેન્ડ માટે ડેથ વોરંટ સાબિત થયું, ન્યુઝીલેન્ડને આ ભૂલ પડી ગઈ ભારે!

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯:** ટીમ ઈન્ડિયાએ T20 વર્લ્ડ કપ ફાઈનલમાં સૌથી વધુ સ્કોર કરીને ઈતિહાસ રચ્યો અને ઘરઆંગણે ટ્રોફી જીતી. ક્રિકેટમાં એવું કહેવાય છે કે ક્યારેક તમે મેદાન પર નહીં, પણ ટોસ સમયે જ મેચ હારી જાઓ છો. T20 વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઈનલમાં ભારત સામે ન્યુઝીલેન્ડના કેપ્ટન સાથે આવું જ બન્યું હતું.

ન્યુઝીલેન્ડે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લેતા જ અનુભવી ખેલાડીઓ સ્તબ્ધ થઈ ગયા. નરેન્દ્ર મોદી સ્ટેડિયમની સપાટ પીચ પર ભારતને પહેલા બેટિંગ માટે આમંત્રણ આપવું એ ન્યુઝીલેન્ડ માટે ડેથ વોરંટ સાબિત થયું. અમદાવાદની પીચ હાઈવે જેવી સપાટ હતી. લાલ માટી અને ઝડપી આઉટફિલ્ડનો અર્થ એ હતો કે જો બેટ્સમેનો ટકી રહે તો રનનો વરસાદ થવાનો હતો. ન્યુઝીલેન્ડે વિચાર્યું કે તેઓ મેટ હેનરી અને જેકબ ડફી સાથે ભારતને શરૂઆતમાં ઝટકો આપા શકશે, પરંતુ આ તેમની સૌથી મોટી વ્યૂહાત્મક ભૂલ હતી.

ફાઈનલ જેવા મોટા સ્ટેજ પર પહેલા બેટિંગ કરવી અને મોટો સ્કોર બનાવવો હંમેશા ફાયદાકારક રહે છે. ન્યુઝીલેન્ડે ભારતને આ તક આપી. જ્યારે સંજુ સેમસન અને અભિષેક શર્માએ પ્રથમ ૬ ઓવરમાં ૯૨ રન આપ્યા, ત્યારે કિવી કેપ્ટનના ચહેરા પર સ્પષ્ટ દેખાતું હતું કે ટોસ જીત્યા પછી પ્રથમ બોલિંગ કરવાનો તેમનો નિર્ણય તેમની ટીમ માટે ખોટો સાબિત થયો હતો. ટોસ જીત્યા પછી મિશેલ સેન્ટનરનો પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય તેમની સૌથી મોટી ભૂલ હતી. ઈતિહાસ સાક્ષી રહેશે કે અમદાવાદમાં ન્યૂઝીલેન્ડની હાર કોઈ બોલરના કારણે નહીં, પરંતુ તેમના કેપ્ટનના એક ખોટા નિર્ણયના કારણે થઈ હતી. ન્યુઝીલેન્ડના કેપ્ટન મિશેલ સેન્ટનરે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પિચ ઓળખી ના શક્યો અને ટીમ સિલેક્શનમાં પણ ભૂલ કરી. તેણે ઓફ-સ્પિનર કોલ મેકકોન્ચીને સિલેક્ટ ના કર્યો, જેણે સેમિફાઈનલમાં ક્વિન્ટન ડી કોક અને રાયન રિકેલ્ટનને આઉટ કર્યા હતા.

## બે દિવસ પહેલા બહેનનું નિધન, શોકમાં હતો પરિવાર, દીકરાએ જીતાડ્યો દેશને વર્લ્ડ કપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯:** T20 વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે ૫૪ રનની ધમાકેદાર ઈનિંગ રમનાર ઈશાન કિશનના સ્મિતની પાછળ એક ઊંડી પીડા છુપાયેલી હતી. અહેવાલ મુજબ ઈશાનની પિતરાઈ બહેનનું ફાઈનલના બે દિવસ પહેલા શુક્રવારે એક ભયાનક કાર અકસ્માતમાં નિધન થયું હતું. પરિવારમાં દુઃખદ ઘટના છતાં ઈશાને પોતાના દેશ પ્રત્યેની પોતાની ફરજને પ્રથમ રાખી અને ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી. ઈશાને કહ્યું કે તે તેના માટે ખૂબ જ મુશ્કેલ સમય હતો, પરંતુ ટીમના સાથી હાર્દિક પંડ્યાએ તેને પ્રોત્સાહન આપ્યું અને દેશ માટે રમવા માટે પ્રેરણા આપી. ઈશાન કિશને પત્રકારોને જણાવ્યું, સાચું કહું તો, મારી પિતરાઈ બહેનનું મેચના બે દિવસ પહેલા કાર અકસ્માતમાં નિધન થયું. મેં તેના માટે સારું રમવાનો પ્રયાસ કર્યો. મેં હાર્દિક ભાઈ સાથે વાત કરી, અને તેણે ટીમને પ્રથમ સ્થાન આપવાનું કહ્યું. હું આ જીત સ્વર્ગસ્થ બહેનને સમર્પિત કરું છું. કારણ કે આજે મહિલા દિવસ પણ છે, તે મારા માટે વધુ ખાસ છે.



દુર્ઘટનાના સમાચાર મળતાં જ ઈશાનનો પરિવાર ઘેરા આઘાતમાં ડૂબી ગયો. ઈશાનના પિતા પ્રણવ પાંડેએ પોતાનું દુઃખ વ્યક્ત કરતાં કહ્યું, એક આપત્તિ આવી, અમે ખૂબ જ મુશ્કેલીમાં હતા. ઈશાન અમારી પાસે આવવા માંગતો હતો, પરંતુ વર્લ્ડ કપ ફાઈનલની જવાબદારીને કારણે તે આવી શક્યો નહીં. તે સંપૂર્ણપણે ભાંગી પડ્યો છે. આ દુર્ઘટનાને કારણે ઈશાનના પિતા પણ ફાઈનલ જોવા માટે અમદાવાદ પહોંચી શક્યા નહોતા. પરંતુ દીકરાએ ભારતને વર્લ્ડ કપ જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવી તેનાથી તેઓ ખુશ છે. ભારે માનસિક દબાણ અને દુઃખ છતાં જ્યારે ઈશાન નંબર ૩ પર બેટિંગ કરવા આવ્યો, ત્યારે તેણે એ જ નિર્ભયતા દર્શાવી જેના માટે તે જાણીતો છે. તેણે માત્ર ૨૫ બોલમાં ૫૪ રનની શાનદાર ઈનિંગ રમી. પોતાની અડધી સદી પૂર્ણ કર્યા પછી, ઈશાને પોતાનું બેટ આકાશ તરફ બેટ કરી સ્વર્ગસ્થ બહેનને શ્રદ્ધાંજલિ આપી હતી.

### મિડલ ઈસ્ટ યુદ્ધ અંગે જયશંકરનું સંસદમાં નિવેદન

# ભારતીયોની સુરક્ષા માટે અમે કટિબદ્ધ છીએ, ઊર્જા ક્ષેત્ર પર સરકારની નજર

**વિદેશ મંત્રી જયશંકરે આ યુદ્ધમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે, અમે ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ**




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

બજેટ સત્રનો બીજો તબક્કો આજથી શરૂ થયો હતો. ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધ અંગે વિદેશ મંત્રી એસ. જયશંકર બંને ગૃહોમાં નિવેદન આપ્યું હતું. પ્રથમ દિવસની કાર્યવાહી માટે સત્તાધારી રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA)ની આગેવાની કરી રહેલી ભારતીય જનતા પાર્ટી (BJP) અને વિપક્ષી ઈન્ડિયા બ્લોકની નેતા કોંગ્રેસ, બંને પક્ષોએ પોતાના સાંસદોને થ્રી-લાઈન વ્હિપ જાહેર કરી લોકસભામાં હાજર રહેવા જણાવ્યું છે.

વિદેશ મંત્રી એસ. જયશંકર ઈરાન યુદ્ધ પર રાજ્યસભામાં નિવેદન આપ્યું હતું. જયશંકરે ગૃહમાં માહિતી આપી હતી કે, "ભારત આ વિસ્તારમાં સાર્વભૌમત્વ(Sovereignty)નું સમર્થક છે અને અમારું માનવું છે કે કોઈપણ સમસ્યાનો ઉકેલ વાતચીત દ્વારા શોધવો જોઈએ". તેમણે કહ્યું કે, ગલ્ફ રિજનમાં એક કરોડ ભારતીયો રહે છે અને તેમની સુરક્ષા અંગે CCSની બેઠકમાં પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

વિદેશ મંત્રીએ આ યુદ્ધમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે, અમે ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ અને અમે સતત તેમના સંપર્કમાં છીએ. તેમણે વધુમાં જણાવ્યું કે અમે જાન્યુઆરીમાં જ અમારા નાગરિકોને ચેતવણી આપી હતી કે તેઓ જેટલી વહેલી તકે સ્વદેશ પરત ફરે. ઈઝરાયલ અને આસપાસના વિસ્તારોમાં રહેલા ભારતીયો માટે અમારા દૂતાવાસે એડવાઈઝરી પણ જાહેર કરી હતી.

વિદેશ મંત્રીએ કહ્યું કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો પ્રત્યે પણ સતર્ક છે, કારણ કે આ સંઘર્ષને કારણે સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે. સરકાર ઊર્જા ક્ષેત્રની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. ભારતીય ગ્રાહકોની જરૂરિયાતો અમારી પ્રાથમિકતા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઊર્જાના ભાવમાં થતા ફેરફાર પર અમે ચાંપતી નજર રાખી રહ્યા છીએ.

વડાપ્રધાન મોદીએ છઈ, કતાર, કુવૈત, સાઉદી અરેબિયા, જોર્ડન, ઓમાન અને ઈઝરાયલના વડાપ્રધાનો સાથે વાતચીત કરી છે. હું પણ સતત આ દેશોના વિદેશ મંત્રીઓના સંપર્કમાં છું. અમે અમારા રાજદ્વારી માર્ગો દ્વારા પણ ચર્ચા કરી રહ્યા છીએ. આ ઉપરાંત ઈરાનના વિદેશ મંત્રી અરાગચી સાથે પણ વાત કરવામાં આવી છે. અમે સતત સ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છીએ.

તેહરાન, UAE, દુબઈ અને બહેરીનમાં સ્થિત અમારા રાજદ્વારીઓ ભારતીય લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. ભારતીયોને પરત લાવવા માટે અમે ઘણી કોમર્શિયલ ફ્લાઈટ્સનું સંચાલન કર્યું છે. અત્યાર સુધીમાં ૬૭ હજાર ભારતીયો પરત ફરી ચૂક્યા છે. ખાડી દેશોમાં ફસાયેલા અન્ય તમામ ભારતીયોને પાછા લાવવા માટે પૂરજોશમાં કામગીરી ચાલી રહી છે.

મિડલ ઈસ્ટની ગંભીર સ્થિતિને જોતાં અમે ખાડી દેશોમાં રહેતા ભારતીય લોકો માટે અનેક એડવાઈઝરી જાહેર કરી હતી. ઈરાનમાં રહેતા તમામ લોકોને તાત્કાલિક ત્યાંથી નીકળી જવાની સલાહ આપવામાં આવી હતી. ઈરાનમાં ભારતીય દૂતાવાસ સંપૂર્ણપણે કાર્યરત છે અને અમે આ વિસ્તારોમાં રહેતા તમામ ભારતીય સમુદાયના લોકોને મદદ કરવા માટે તત્પર છીએ.

એક તરફ એસ. જયશંકર મિડલ ઈસ્ટના તણાવ અંગે સરકારનો પક્ષ રજૂ કરી રહ્યા હતા, તો બીજી તરફ વિપક્ષી સાંસદોનો હોબાળો ચાલુ રહ્યો હતો. તેઓ સરકાર વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા અને ગૃહની કાર્યવાહીમાં અવરોધ ઊભો કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

## યુદ્ધની વૈશ્વિક બજાર પર ભીષણ અસર: ક્રૂડ ઓઇલ $116 ને પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯:** મિડલ ઈસ્ટમાં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવ અને યુદ્ધની સીધી અસર હવે વૈશ્વિક બજાર પર જોવા મળી રહી છે. ખાસ કરીને કાચા તેલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે, જ્યારે મજબૂત ડોલરના કારણે સોનાના ભાવમાં ઘટાડો નોંધાયો છે. મિડલ ઈસ્ટમાં જંગ બીજા અઠવાડિયામાં પ્રવેશતા જ કાચા તેલની કિંમતો આસમાને પહોંચી છે. તાજેતરના ડેટા મુજબ, WTI Crude Futures માં ૨૮.૨૭% નો જંગી ઉછાળો જોવા મળ્યો છે. હાલમાં તે પ્રતિ બેરલ $116.60 પર ટ્રેડ થઈ રહ્યું છે, જે તેના ૫ર અઠવાડિયાની સર્વોચ્ચ સપાટી $119.43 ની અત્યંત નજીક છે. હોર્મુઝની સામુદ્રધુની, જ્યાંથી વિશ્વનો ૨૦% તેલ પુરવઠો પસાર થાય છે, ત્યાં અવરોધ ઊભો થવાની આશંકાએ ભાવમાં આ તેજી જોવા મળી છે.



એકતરફ તેલ મોંઘું થઈ રહ્યું છે, તો બીજી તરફ અમેરિકન ડોલર મજબૂત થવાને કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. સિંગાપોર માર્કેટમાં સ્પોટ ગોલ્ડ ૦.૯% ઘટીને $5,124.48 પ્રતિ ઔંસ પર આવી ગયું છે. ચાંદીના ભાવમાં પણ ૧.૬% નો ઘટાડો નોંધાયો છે અને તે $83.22 પર ટ્રેડ થઈ રહી છે. ડોલર ઈન્ડેક્સમાં ૦.૪% નો વધારો થતા રોકાણકારો સોનાને બદલે રોકડ રાખવાનું વધુ પસંદ કરી રહ્યા છે. કાચા તેલના વધતા ભાવે અમેરિકી સેન્ટ્રલ બેંકની ચિંતા વધારી દીધી છે. તેલ મોંઘું થવાથી મોંઘવારી વધશે, જેના કારણે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઘટાડો કરવાને બદલે તેને યથાવત રાખે અથવા વધારો કરે તેવી શક્યતા છે. મિડલ ઈસ્ટમાં જંગ અત્યારે ૧૦માં દિવસમાં છે. ઈરાને તેના નવા સુપ્રીમ લીડરની નિમણૂક કરી છે અને હુમલા ચાલુ રાખ્યા છે, જ્યારે ઈઝરાયલે તેહરાનમાં ઈંધણ ડેપો પર હુમલો કરી ઈરાનના પાવર ગ્રીડને નિશાન બનાવવાની ધમકી આપી છે. આ લશ્કરી સંઘર્ષના કારણે ઉર્જા ક્ષેત્રે ભારે અનિશ્ચિતતા ઊભી થઈ છે. ઈરાન સામે યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ઉત્પાદન અને પરિવહન ઉપર પડેલી અસરના કારણે ભાવમાં જોરદાર તેજી જોવા મળી રહી છે. ક્રૂડના ભાવ વધવાની અસરથી ભારતમાં મોંઘવારી વધી શકે છે કારણ કે ભારત તેની જરૂરિયાતના ૮૫ ટકા ક્રૂડની આયાત કરે છે.

## શેર બજારમાં હાહાકાર: સેન્સેક્સ ૧૩૫૩ અને નિફ્ટી ૪૨૨ પોઈન્ટના ઘટાડા સાથે બંધ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૯**

મિડલ ઈસ્ટમાં યુદ્ધ શરૂ થયા પછી ભારતીય શેરબજારમાં ઘટાડો શરૂ થયો હતો, જે આજે પણ યથાવત રહ્યો હતો. સોમવારે સ્થાનિક શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો. આજે, BSE સેન્સેક્સ ૧૩૫૨.૭૪ પોઈન્ટ (૧.૭૧ ટકા) ઘટીને ૭૭,૫૬૬.૧૬ પોઈન્ટ પર બંધ થયો. જ્યારે, NSE નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ ૪૨૨.૪૦ પોઈન્ટ (૧.૭૩ ટકા) ઘટીને ૨૪,૦૨૮.૦૫ પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે આજના ટ્રેડિંગ દરમિયાન, એક સમયે સેન્સેક્સ ૭૬,૪૨૪.૫૫ પોઈન્ટ અને નિફ્ટી ૨૩,૬૯૭.૮૦ પોઈન્ટ પર બંધ થયો હતો.

સોમવારે, સેન્સેક્સની ૩૦ માંથી માત્ર ૫ કંપનીઓ લીલા રંગમાં વધારા સાથે બંધ થઈ, જ્યારે બાકીની ૨૫ કંપનીઓ લાલ રંગમાં નુકસાન સાથે બંધ થઈ. તેવી જ રીતે નિફ્ટી ૫૦ કંપનીઓમાંથી માત્ર ૮ કંપનીઓ લીલા રંગમાં વધારા સાથે બંધ થઈ, જ્યારે બાકીની ૪૨ કંપનીઓ લાલ રંગમાં નુકસાન સાથે બંધ થઈ હતી. સેન્સેક્સ કંપનીઓમાં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સૌથી વધુ ૧.૩૭ ટકાના વધારા સાથે બંધ થઈ, જ્યારે અલ્ટ્રાટેક સિમેન્ટ સૌથી વધુ ૫.૨૩ ટકાના ઘટાડા સાથે બંધ થયો. સેન્સેક્સના અન્ય શેરોમાં, ઈન્ફોસિસ ૦.૪૭ ટકા, HCL ટેક ૦.૪૫ ટકા, સન ફાર્મા ૦.૧૭ ટકા અને ટેક મહિન્દ્રા ૦.૦૯ ટકાના નજીવા વધારા સાથે બંધ થયા.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો છે. વૈશ્વિક બજારોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, જેમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ $120 સુધી પહોંચી ગયા છે. પરિણામે, સ્થાનિક શેરબજારના બેન્ચમાર્ક, સેન્સેક્સ અને નિફ્ટી, સોમવારે લગભગ બે ટકા ઘટ્યા હતા.

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે મિસાઈલ હુમલા અને તણાવ ઉચ્ચ સ્તરે છે. ઈઝરાયલ દ્વારા તેહરાનના તેલ ડેપોને નિશાન બનાવવાથી રોકાણકારોમાં ગભરાટ ફેલાયો છે. વધુમાં, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કડક વલણ - જેમાં તેમણે ઈરાનના બિનશરતી શરણાગતિ માંગી હતી અને જમીન પર આક્રમણની ધમકી આપી હતી - એ વૈશ્વિક અસ્થિરતાને વધુ વધારી દીધી છે.

ભારતીય બજારમાંથી વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોનું પલાયન ચાલુ છે. શુક્રવારે, FII એ રોકડ, ઈન્ડેક્સ અને સ્ટોક ફ્યુચર્સમાં કુલ રૂ.૯,૪૫૯ કરોડનું વેચાણ કર્યું, જે વિદેશી રોકાણકારો દ્વારા સતત છઠ્ઠા દિવસે વેચાણ હતું. જોકે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ રૂ.૬,૯૭૨ કરોડની ખરીદી કરીને બજારને થોડો ટેકો આપવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિદેશી આઉટફ્લોનું દબાણ પ્રબળ રહ્યું.

### ટીમ ઇન્ડિયાએ કુલ ૮ વાર ICC ટ્રોફી જીતી

## એક માત્ર કોચ બન્યો ગંભીર જેના નેતૃત્વમાં બે ICC ટ્રોફી જીતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

ટીમ ઈન્ડિયાએ કુલ ૮ વાર ICC ટ્રોફી જીતી છે, જેમાંથી એક ટ્રોફી શેર થઈ છે. બે વનડે વર્લ્ડ કપ, ૩ ચેમ્પિયન્સ ટ્રોફી અને ૩ ટી૨૦ વર્લ્ડ કપ ભારતીય પુરુષ ટીમના કેબિનેટમાં છે. તમને જાણીને નવાઈ લાગશે કે, ભારતીય ટીમે અડધા ડઝનથી વધુ ICC ટ્રોફી જીતી છે, પરંતુ ગૌતમ ગંભીર એકમાત્ર એવા કોચ છે જેની કોચિંગ હેઠળ ભારતે માત્ર એક જ નહીં, પરંતુ બે ICC ટ્રોફી જીતી છે. આમ ગૌતમ ગંભીરે ઈતિહાસ રચી દીધો છે.

ગૌતમ ગંભીર ટીમ ઈન્ડિયાના કોચ નહીં, પરંતુ જાદૂગર છે. છેલ્લા ૧૩-૧૪ મહિનામાં ગૌતમ ગંભીરે બે વાર ટીમ ઈન્ડિયાને ICC ટ્રોફી અપાવી છે. તે પણ બે અલગ-અલગ કેપ્ટન સાથે. ભારતે રોહિત શર્માની કેપ્ટનશીપમાં ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી અને હવે સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપમાં T20 વર્લ્ડ કપ જીત્યો છે.

વર્ષ ૧૯૮૩માં ભારત વર્લ્ડ કપ વિજેતા બન્યું હતું, પરંતુ તે સમયે ટીમના કોચ નહીં, પરંતુ મેનેજર પીઆર માન સિંહ હતા. ત્યારબાદ ભારતે વર્ષ ૨૦૦૨માં શ્રીલંકા સાથે ICC ટ્રોફી શેર કરી હતી. તે સમયે ટીમના કોચ જોન રાઈટ હતા. વર્ષ ૨૦૦૭માં ટીમ ઈન્ડિયાએ T20 વર્લ્ડ કપ જીત્યો હતો. તે સમયે કોચ લાલચંદ રાજપૂત હતા. વર્ષ ૨૦૧૧માં ભારતે ફરીથી વનડે વર્લ્ડ કપ જીત્યો હતો. તે સમયે કોચ ગેરી કર્સ્ટન હતા. ૨૦૧૩માં ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી પોતાના નામે કરી હતી. તે સમયે ડંકન ફ્લેચર ટીમ ઈન્ડિયાના કોચ હતા. ત્યારબાદ ૨૦૨૪માં ટીમ ઈન્ડિયા T20 વર્લ્ડ કપની ચેમ્પિયન બની હતી. તે સમયે રાહુલ દ્રવિડ હેડ કોચ હતા. ટીમ ઈન્ડિયાએ ૨૦૨૫માં ગૌતમ ગંભીરના કોચિંગ હેઠળ ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી અને હવે પણ ગૌતમ ગંભીરના જ કોચિંગ હેઠળ જ ૨૦૨૬માં T20 વર્લ્ડ કપ પણ જીત્યો છે. આમ ગૌતમ ગંભીર ભારતને બે ICC ટ્રોફી જીતાડનાર પ્રથમ અને એકમાત્ર કોચ છે.

### કેજરીવાલ-સિસોદિયા સહિત ૨૩ને નોટિસ

## લિકર કેસ: ટ્રાયલ કોર્ટની ટિપ્પણીઓ પર હાઈકોર્ટનો સ્ટે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**



દિલ્હી લિકર કેસ મામલે એક નવો વળાંક આવ્યો છે. દિલ્હી હાઈકોર્ટ દ્વારા પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા સહિતના ૨૩ આરોપીઓને મોટી રાહત આપતા નીચલી અદાલતના નિર્ણયને પડકારતી CBIની અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. હાઈકોર્ટે આ મામલે તમામ ૨૩ પક્ષકારોને નોટિસ પાઠવીને પોતાનો પક્ષ રજૂ કરવા આદેશ આપ્યો છે. હવે આ કેસની આગામી સુનાવણી ૧૬ માર્ચના રોજ નક્કી કરવામાં આવી છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી અહીં સુનાવણી પૂરી નહીં થાય, ત્યાં સુધી નીચલી અદાલતનો ડિસ્ચાર્જ ઑર્ડર અમલી ગણાશે નહીં.

CBI વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આ કૌભાંડને દેશની રાજધાનીના ઈતિહાસનું સૌથી મોટું કૌભાંડ ગણાવ્યું હતું. તેમણે કોર્ટમાં દલીલ કરી હતી કે આ નીતિ ચોક્કસ વેપારીઓને ફાયદો પહોંચાડવા માટે જ બનાવવામાં આવી હતી અને તેમાં હવાલા દ્વારા નાણાંની લેવડદેવડ થઈ હતી. CBIએ પુરાવા તરીકે ઈમેઈલ, વ્હોટ્સએપ ચેટ અને ૧૬૪ મુજબ મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધાયેલા સાક્ષીઓના નિવેદનો રજૂ કર્યા છે. તપાસ એજન્સીનો આરોપ છે કે આરોપીઓએ પુરાવાનો નાશ કરવા માટે અંદાજે ૧૭૦ જેટલા ફોન તોડી નાખ્યા હતા.

તુષાર મહેતાએ નીચલી અદાલતના આદેશ સામે સવાલ ઉઠાવતા કહ્યું હતું કે ગુનાહિત કાવતરું ક્યારેય ખુલ્લેઆમ રચાતું નથી અને તપાસમાં મળેલા તથ્યોને નજરઅંદાજ કરી શકાય નહીં. તેમણે દાવો કર્યો કે ગોવા ચૂંટણી માટે ૪૪.૫૦ કરોડ રૂપિયા હવાલા મારફતે ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. હાઈકોર્ટે નીચલી અદાલતના એવા અવલોકન પર પણ રોક લગાવી છે જેમાં CBIના તપાસ અધિકારી વિરુદ્ધ ખાતાકીય તપાસની ભલામણ કરવામાં આવી હતી. કોર્ટના મતે નીચલી અદાલતના કેટલાક અવલોકનો તથ્યાત્મક રીતે ભૂલભરેલા જણાયા છે.

# ઈઝરાયેલે લેબનાન પર તમામ હદ પાર કરી! સફેદ ફોસ્ફરસથી હુમલો કર્યો: તરફડીયા મારતા ૪૦૦ લોકોના મોત

**ઈઝરાયેલ પર આરોપ છે કે તેણે આંતરરાષ્ટ્રીય કાયદાને કોરાણે રાખી વ્હાઈટ ફોસ્ફરસનો ઉપયોગ કર્યો છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**લેબનન, તા.૦૯**

દક્ષિણી લેબનાનના યોહમોર ગામની શાંત હવામાં જ્યારે આકાશમાંથી આગના ગોળા વરસ્યા તો ન ખાલી બોમ્બ હતા, પણ તે સફેદ મોતનું તાંડવ હતું. ઈઝરાયેલ પર આરોપ છે કે તેણે હિઝબુલ્લાહના ઠેકાણાને ટાર્ગેટ બનાવવાના બહાને આંતરરાષ્ટ્રીય કાયદાને કોરાણે રાખી વ્હાઈટ ફોસ્ફરસનો ઉપયોગ કર્યો છે. માનવાધિકાર સંગઠન હ્યુમન રાઈટ્સ વોચના હાલના રિપોર્ટ અને જિયોલોકેટેડ તસવીરોએ આ વિવાદિત હથિયારના ઉપયોગની પુષ્ટિ કરી દુનિયાને હચમચાવી નાખી છે.

શું છે આ સફેદ મોત? સફેદ ફોસ્ફોરસ કોઈ સાધારણ વિસ્ફોટક નથી, પણ એક ખૂબ જ ઘાતક રાસાયણિક પદાર્થ છે. મોમ જેવા દેખાતા આ રસાયણ જેવું હવાના સંપર્કમાં આવે છે કે ઓક્સિજન સાથે આપોઆપ સળગવા લાગે છે. તેની ભયાનકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે તે ૮૧૫ ડિગ્રી સેલ્સિયસ સુધીનું તાપમાન ઊભું કરી શકે છે.

માણસનું શરીર ૫૦-૬૦ ડિગ્રીની ગરમી વેઠી શકે છે. તેના માટે ૮૧૫ ડિગ્રીનું તાપમાન સાક્ષાત યમરાજ સમાન છે. જ્યારે આ રસાયણ ત્વચા પર પડે છે તો માંસને ઓગાળી સીધા હાડકાં સુધી પહોંચી જાય છે. તેના ઘા ક્યારેય ઠીક નથી થતાં અને તેમાંથી નીકળતો ધુમાડો ફેફસાંને એ રીતે ખતમ કરી નાખે છે, માણસ તડફડિયા મારીને મરે છે.

HRWના રિસર્ચર રામજી કેસના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી સેનાએ દક્ષિણી લેબનાનના યોહમોર જેવા રહેણાંક વિસ્તારમાં આર્ટિલરી દ્વારા ફોસ્ફોરસ છોડ્યો હતો. ચોંકાવનારી વાત એ છે કે આ હુમલો ત્યારે થયો, જ્યારે ઈઝરાયેલે પહેલા જ લોકોને વિસ્તાર ખાલી કરવાની ચેતવણી આપી હતી. જો કે જમીની હકીકત એ છે કે આ હુમલાના સમયે ત્યાં કેટલા નાગરિકો હતા, તેને લઈને કોઈ ચોક્કસ આંકડો સ્પષ્ટ થયો નથી.

ઈઝરાયેલી સેના હંમેશા એ તર્ક આપે છે કે આ સફેદ ફોસ્ફોરસનો ઉપયોગ ખાલી સ્મોક સ્ક્રીન માટે રહે છે, જેથી દુશ્મનની નજરથી બચી શકાય. પણ આંતરરાષ્ટ્રીય કાયદા અંતર્ગત નાગરિક વસ્તીની વચ્ચે તેનો ઉપયોગ અંધાધૂંધ નુકસાનની કેટેગરીમાં આવે છે, જે એક યુદ્ધ અપરાધ સમાન છે.

માનવીય સંકટ: લેબનાનના સ્વાસ્થ્ય મંત્રાલયનો રિપોર્ટ હચમચાવી નાખતો છે. ૨ માર્ચ ૨૦૨૬થી ૮ માર્ચ ૨૦૨૬ની વચ્ચે થયેલા હુમલામાં કુલ ૪૦૦ લોકોના મોત થયા છે. (જેમાં ૮૩ બાળકો અને ૪૨ મહિલાઓ પણ સામેલ છે.) આ હુમલામાં ઘાયલ થયેલા લોકોની સંખ્યા ૧૧૩૦થી વધુ છે. આ હુમલામાં દક્ષિણી લેબનાન, બેકા ઘાટી અને બેરુતના રહેણાંક વિસ્તારને ટાર્ગેટ કર્યો હતો.

સ્વાસ્થ્ય મંત્રી રાકાન નાસરેદ્દીને આ એક ગંભીર માનવીય સંકટ ગણાવ્યું છે. રહેણાંક વિસ્તારમાં આ કેમિકલનું પડવું તાત્કાલિક મોતનું કારણ તો બને જ છે, પણ જીવિત બચેલા લોકો માટે ઓર્ગન ફેલિયર અને ગાઢ ઈન્ફેક્શન જેવી બીમારીઓ છોડી રહ્યું છે.

**ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ પર ટ્રમ્પનું નિવેદન**

# જંગ ખતમ કરવાનો નિર્ણય નેતન્યાહુ સાથે ચર્ચા-વિચારણા કરી લેવાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૦૯**



ઈરાનની સાથે જંગ ક્યારે ખતમ થશે? છેલ્લા ૧૦ દિવસથી મિડલ ઈસ્ટમાં વિધ્વંસ જોવા મળી રહ્યો છે. આ વિસ્તારમાં સંકટ ત્યારે શરૂ થયું જ્યારે અમેરિકા અને ઈઝરાયલે મળીને ઈરાન પર હુમલો કર્યો, જેમાં સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈનું મોત થઈ ગયું હતું.

રવિવારે ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયલ સાથે વાત કરતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ કે તેહરાનની સાથે જંગ ખતમ કરવાનો નિર્ણય નેતન્યાહુ સાથે ચર્ચા-વિચારણા કરી આપસી સહમતિથી લેવામાં આવશે.

નાના ટેલીફોનિક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે તે પણ કહ્યુ કે જો તે અને નેતન્યાહુ દખલ ન આપી હોત તો ઈરાને ઈઝરાયલને ખતમ કરી દીધું હોત. તેમણે કહ્યું- ઈરાન ઈઝરાયલ અને તેની આસપાસની દરેક વસ્તુ ખતમ કરવાનું હતું.. અમે સાથે મળી કામ કર્યું છે. અમે એક એવા દેશને ખતમ કરી દીધો છે, જે ઈઝરાયલને ખતમ કરવા ઈચ્છતો હતો. ઈરાન સામે જંગ ખતમ કરવાને લઈને ટ્રમ્પે કહ્યુ- મને લાગે છે કે આ આપસી છે.... થોડું.. અમે વાત કરી રહ્યાં છીએ. હું યોગ્ય સમય પર નિર્ણય લઈશ, પરંતુ દરેક વસ્તુનું ધ્યાન રાખવામાં આવશે. તેમનો આ ઈશારો કહે છે કે નેતન્યાહુનું ઈનપુટ તો હશે, પરંતુ અંતિમ નિર્ણય અમેરિકી રાષ્ટ્રપતિ લેશે.

જ્યારે પૂછવામાં આવ્યું કે શું હુમલા રોકવાનો નિર્ણય કર્યા બાદ પણ ઈઝરાયલ ઈરાન વિરુદ્ધ યુદ્ધ જારી રાખી શકે છે તો ટ્રમ્પે તે સંભાવના પર વાત કરવાનો ઈનકાર કર્યો અને કહ્યું- મને નથી લાગતું કે તેની જરૂર હશે.

ટ્રમ્પે તે પણ ન જણાવ્યું કે યુદ્ધ ક્યાં સુધી ચાલશે. પરંતુ વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કૈરોલિન લેવિટે શુક્રવારે કહ્યું કે અમેરિકાને આશા છે કે આ લડાઈ ચારથી છ સપ્તાહ સુધી ચાલશે.

# યુદ્ધ અમેરિકા-ઈરાનમાં પણ મોટો લાભ થયો રશિયાને!, ચીનને અબજો ડોલરનું નુકસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મોસ્કો, તા.૦૯**

વિશ્વમાં એકતરફ છેલ્લા ચાર વર્ષથી રશિયા-યુક્રેનનું યુદ્ધ ચાલી રહ્યું છે, તો બીજીતરફ અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર ભાયનક હુમલા કરી રહ્યું છે. હુમલામાં સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈનું મોત થયા બાદ ઈરાન વધુ અક્રમક બની ગયું છે અને તે અમેરિકા-ઈઝરાયલ સાથે લડવાની સાથે પડોશી દેશો કુવૈત, સંયુક્ત આરબ અમીરાત, બહેરીન સહિતના દેશો પર મિસાઈલો ઝિંકી રહ્યું છે. મધ્ય-પૂર્વમાં આ ભયાનક પરિસ્થિતિની અસર સમગ્ર વિશ્વ પર પડી રહી છે. ઈરાને વેપાર માટેનો સૌથી વ્યસ્ત જળમાર્ગ હોર્મુઝ પર કોઈપણ કન્ટેનરની અવર-જવર પર પ્રતિબંધ મુકી દીધો છે, જેના કારણે ત્યાં ક્રૂડ ઓઈલનો જથ્થા સહિતના ઉત્પાદનો અટકી પડ્યા છે. આ કારણે ક્રૂડ ઓઈલના ભાવો આસમાને પહોંચી ગયા છે, શેર માર્કેટ ક્રેશ થવા લાગ્યું છે, વૈશ્વિક સપ્લાયનો માર્ગ તૂટી જવાથી ખાતરથી ખોરાક સુધી અનેક મુશ્કેલી ઉભી થઈ છે. યુદ્ધની વર્તમાન સ્થિતિ મુજબ, જો યુદ્ધ બંધ નહીં થાય તો વિશ્વના અનેક દેશો ભૂખમરાનો શિકાર બની જશે. યુદ્ધમાં અબજો રૂપિયા વેડફી નખાયા છે, પરંતુ તેનો સૌથી મોટો લાભ રશિયાનો થયો છે. યુદ્ધના કારણે રશિયાનો ખજાનો ભરાઈ રહ્યો છે, જ્યારે ચીનને અબજો ડૉલરનું નુકસાન થઈ રહ્યું છે.

મધ્ય-પૂર્વના યુદ્ધ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ બંધ થવાના કારણે વૈશ્વિક માર્કેટમાં તેલ અને ગેસની કિંમતો આસમાને પહોંચી ગઈ છે. પ્રતિ બેરલ ક્રૂડ તેલની કિંમત ૧૧૦ ડૉલર પાર પહોંચી ગઈ છે. ઈરાને હોર્મુઝનો માર્ગ બંધ કરી દેતા રશિયન તેલની માંગમાં ધરખમ વધારો થયો છે. થોડા મહિનાઓ પહેલા જ અમેરિકાન રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે ભારત સહિત વિશ્વના દેશોને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ન ખરીદવાનો આદેશ આપ્યો હતો અને આ માટે તેમણે દબાણ પણ કર્યું હતું. ત્યારે હવે સ્થિતિ બદલાઈ ગઈ છે અને અમેરિકા ભારતને રશિયા પાસેથી તેલ ખરીદવાની વાત કહી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકા વારંવાર કહેતું હતું કે, જે દેશો રશિયા પાસેથી તેલ ખરીદે છે, રશિયા તેઓના નાણા યુદ્ધ પાછળ વાપરી રહ્યું છે. આ કારણે અમેરિકા સહિત પશ્ચિમ દેશોએ રશિયન તેલ આયાત પર પ્રતિબંધ ઝિંકી દીધો હતો. ત્યારબાદ રશિયન રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને તેલ પર ભારે ડિસ્કાઉન્ટની ઓફર કરી હતી, જેનો ભારત અને ચીને પૂરો ફાયદો ઉઠાવીને રશિયા પાસેથી સસ્તુ તેલ ખરીદી રહ્યા હતા.

રશિયા યુદ્ધનો ભરપૂર ફાયદો ઉઠાવી રહ્યું છે. રશિયાએ પોતાના તેલ પરનું ડિસ્કાઉન્ટ ઘટાડી દીધું છે. ૨૮ ફેબ્રુઆરી પહેલા પ્રતિ બેરલ રશિયન તેલ પર ૧૦થી ૧૩ ડૉલરના ડિસ્કાઉન્ટ હતું, જોકે હવે તે ઘટીને ચારથી પાંચ ડૉલર કરી દેવાયું છે. ભારતીય ઓઈલ કંપની HPCLએ ફેબ્રુઆરીમાં ૧૩ ડૉલરના ડિસ્કાઉન્ટ પર રશિયા પાસેથી તેલના બે કાર્ગો મંગાવ્યા હતા, જોકે હવે તમામ દેશો માટે આ ડિસ્કાઉન્ટ બંધ કરી દેવાયું છે. એટલે કે, આ યુદ્ધથી રશિયન સરકારી ખજાનો ભરાશે. હાલ રશિયન ક્રૂડ ઓઈલની માંગ વધી રહી છે. માત્ર ભારત જ નહીં યુરોપીયન દેશ પણ રશિયા પાસેથી ખરીદી કરવાનું વિચારી રહ્યા છે.

ઈરાનમાં યુદ્ધના કારણે ચીનને ડબલ ફટકો પડ્યો છે. ચીન ઈરાની તેલનો સૌથી મોટો ખરીદદાર હતો અને ભારે ડિસ્કાઉન્ટ પર ક્રૂડ તેલ ખરીદી રહ્યો હતો. ઈરાનનું ૯૦ ટકા તેલ ચીન પહોંચતું હતું, જોકે યુદ્ધના કારણે આ સ્રોત બંધ થઈ ગયો છે. એટલું જ નહીં ચીનના ૪૦૦ અબજ ડૉલર પણ ફસાઈ ગયા છે. કેટલાક દાયકાઓથી ચીન ઈરાન સાથે મિત્રતા વધારી રહ્યું છે. આ જ કારણે તેણે ઈરાનમાં ભારે રોકાણ કર્યું છે. માર્ચ-૨૦૨૧માં ચીન-ઈરાને ભાગીદારી પર હસ્તાક્ષર કર્યા હતા. ચીને ઈરાનમાં બેલ્ટ એન્ડ રોડ અનિશિએટિવ હેઠળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એનર્જી ઈન્વેસ્ટમેન્ટમાં ૪૦૦ અબજ ડૉલરનું રોકાણ કરવાનું વચન આપ્યું છે, જોકે અમેરિકાના હુમલાના કારણે ચીનની યોજના પર પાણી ફરી ગયું છે. ક્રૂડ અને રોકાણ... બંને ચીનના હાથમાંથી સરકી ગયા છે.




**છૂટાછેડા વિવાદ પર થલાપતિ વિજયની પહેલી પ્રતિક્રિયા**

# ‘હું મારું ફોડી લઈશ, તમારે સમય બગાડવાની જરૂર નથી’





(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ:** સાઉથ એક્ટર અને રાજનેતા થલાપતિ વિજય આ દિવસોમાં છૂટાછેડાને કારણે વિવાદોમાં છે. તેની પત્નીએ એક્સ્ટ્રા મેરિટલ અફેર (લગ્નેત્તર સંબંધ)નો આરોપ લગાવતા છૂટાછેડાની અરજી આપી છે અને હવે એલિમોની (ભરણપોષણ)ની પણ ચર્ચા છે. આ દરમિયાન એક્ટરે પહેલીવાર આ સમગ્ર વિવાદ પર જાહેરમાં વાત કરી છે. તેણે ચાહકોને કહ્યું છે કે, તેના અંગત જીવનમાં ચાલી રહેલી સમસ્યાઓ તે પોતે જ ઉકેલી લેશે, તેમાં સમય બગાડવાની જરૂર નથી.થલાપતિ વિજય તાજેતરમાં ચેન્નઈમાં પોતાની પોલિટિકલ પાર્ટી ‘તમિલગા વેત્રી કડગમ‘ના મહિલા દિવસ કાર્યક્રમમાં સામેલ થયો હતો. આ દરમિયાન તેણે ત્યાં હાજર તમામ ચાહકોને સંબોધિત કરતા છૂટાછેડાના વિવાદ પર કહ્યું, ‘તાજેતરમાં મારી આસપાસ જે સમસ્યાઓ ચાલી રહી છે, કૃપા કરીને તેની ચિંતા ન કરો. તે વાતો તમારા સમયને લાયક નથી. હું તેમને પોતે જ સંભાળી લઈશ.’એક્ટરે આગળ કહ્યું, ‘મને સૌથી વધુ દુઃખ ત્યારે થાય છે, જ્યારે હું જોઉં છું કે મારા કારણે તમે ઉદાસ કે પરેશાન થઈ જાઓ છો. કૃપા કરીને મારી સમસ્યાઓનો બોજ પોતાના પર ન લો.’થલાપતિ વિજયની પત્ની સંગીતા સોરનાલિંગમે તાજેતરમાં છૂટાછેડા માટે અરજી કરી છે. તેણે આરોપ લગાવ્યા છે કે, વિજયનો લગ્નેતર સંબંધ ચાલી રહ્યો છે, જે તેમના છૂટાછેડાનું કારણ છે.થલાપતિ વિજયનું નામ લાંબા સમયથી સાઉથ એક્ટ્રેસ ત્રિશા સાથે જોડાઈ રહ્યું છે. છૂટાછેડાના સમાચારો સામે આવ્યા પછી વિજય, ત્રિશા સાથે એક લગ્નમાં પહોંચ્યા. બંનેએ સાથે એન્ટ્રી લીધી અને સાથે તસવીરો ક્લિક કરાવી, જેનાથી તેમના રિલેશનશિપના સમાચારો વધુ વધી ગયા છે.ત્રિશા સાથે અફેરની ચર્ચાએ જોર પકડતા જ વિજયના બોડીગાર્ડ અરુણ સુરેશે સોશિયલ મીડિયા પર એક ક્રિપ્ટિક પોસ્ટ કરી છે. આ પોસ્ટને લોકો વિજય અને ત્રિશા સાથે જોડી રહ્યા છે.વિજયના બોડીગાર્ડ અરુણ સુરેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી મૂકીને લખ્યું હતું કે, ‘હવે અફવાઓથી ઉપર ઉઠવાનો સમય આવી ગયો છે.’ સાથે જ તેણે ફાયર ઈમોજી પણ લગાવ્યું હતું. જોકે, થોડી વાર પછી તેણે આ સ્ટોરી ડિલીટ કરી દીધી હતી.વિજય અને સંગીતાની પહેલી મુલાકાત ૧૯૯૦ના દાયકાના અંતમાં થઈ હતી. સંગીતા તે સમયે યુકેમાં રહેતી હતી અને વિજયની મોટી ચાહક હતી. એવું કહેવાય છે કે તે તેની એક ફિલ્મના શૂટિંગ દરમિયાન ચેન્નાઈ આવી હતી અને તેને સેટ પર મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમની મુલાકાત દરમિયાન, સંગીતાએ વિજયને કહ્યું કે તે તેની ફિલ્મોની નિયમિત દર્શક છે. આ વાતચીત ધીમે ધીમે મિત્રતામાં પરિણમી. બાદમાં, બંને પરિવારોની સંમતિથી, સંબંધ આગળ વધ્યો, અને તેઓએ ૨૫ ઓગસ્ટ, ૧૯૯૯ ના રોજ લગ્ન કર્યા. લગ્ન પછી, સંગીતા મોટે ભાગે લાઈમલાઈટથી દૂર રહેતી હતી, પરંતુ કૌટુંબિક અને જાહેર કાર્યક્રમોમાં વિજય સાથે જોવા મળી છે. આ દંપતીને બે બાળકો છે. પુત્ર જેસન સંજય અને પુત્રી દિવ્યા સાશા.

# બિગ બોસ ફેમ અનુરાગે લાઈવ આત્મહત્યાનો પ્રયાસ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ:** સોશિયલ મીડિયાના જાણીતા ચહેરા અને ‘બિગ બોસ’ ફેમ યુટ્યુબર અનુરાગ ડોભાલ, જે ‘The UK07 Rider’ તરીકે પ્રખ્યાત છે, શનિવારે એક ભીષણ માર્ગ અકસ્માતનો શિકાર બન્યો હતો. દિલ્હી-મેરઠ એક્સપ્રેસવે પર થયેલી આ ઘટનાથી તેમના લાખો ચાહકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.શનિવારે બપોરે અનુરાગ ડોભાલ પોતાની ફોર્ચ્યુનર કારમાં ગાઝિયાબાદ સરહદી વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે કાર બેકાબૂ બની ડિવાઈડર સાથે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચ્ચરઘાણ વળી ગયો હતો.સોશિયલ મીડિયા પર એક કથિત લાઈવ વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં અનુરાગ તણાવમાં જોવા મળી રહ્યો છે. આ વીડિયોના આધારે ચર્ચા છે કે, તેણે ઈરાદાપુર્વક કાર અથડાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોઈ શકે છે.અકસ્માત બાદ પોલીસ અને રાહદારીઓએ અનુરાગને તાત્કાલિક મેરઠની સુભારતી હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, તેના માથાના ભાગે અને શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી છે. પ્રાથમિક સારવાર બાદ હાલત વધુ બગડતા તેમને દિલ્હીની હાયર સેન્ટર હોસ્પિટલમાં રેફર કરવામાં આવ્યો છે. અનુરાગ ડોભાલ છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર માનસિક પ્રતાડના આરોપ લગાવી રહ્યો હતો. ‘બિગ બોસ’ માંથી બહાર આવ્યા બાદ પણ તે અનેક વિવાદોમાં રહ્યો હતો. તેના નજીકના સૂત્રોનું માનવું છે કે ઓનલાઈન ટ્રોલિંગ અને સતત માનસિક તણાવને કારણે તેમણે આ આત્યંતિક પગલું ભર્યું હોઈ શકે છે.



# ખુશી કપૂરના બોલ્ડ લૂક પર રેપર ભડક્યો: આપ્યું વિવાદાસ્પ નિવેદન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ:** સોશિયલ મીડિયા ઈન્ફલૂએન્ઝર અને એક્ટ્રેસ ખુશી મુખર્જી પોતાના બોલ્ડ અને બેબાક અંદાજને કારણે ચર્ચામાં રહે છે. વિચિત્ર આઉટફિટ્સ પહેરીને નીકળે ત્યારે ટ્રોલ પણ થાય છે. હવે એક્ટ્રેસના બોલ્ડ લુક પર જાણીતા રેપર અને સિંગર સેટ્ટી શર્માનો ગુસ્સાનો જ્વાળામુખી ફાટ્યો છે. ખુશી તાજેતરમાં જ મુંબઈના રસ્તા પર વિચિત્ર આઉટફિટ સાથે જોવા મળી હતી. પાપારાઝીને પોઝ આપતા વારંવાર પોતાના કપડાને વ્યવસ્થિત કરતી તે જોવા મળી હતી. એક્ટ્રેસના આવા ઢંગધડા વગરના કપડાં જોઈને સોશિયલ મીડિયા પર અનેક યુઝર્સે રીતસર કોમેન્ટમાં ટોણા માર્યા છે. એક્ટ્રેસ ખુશીના આઉટફીટની નોંધ લઈને રેપર અને જાણીતા ગાયક સેટ્ટી શર્માએ ઈન્સ્ટાગ્રામ પર એનો ફોટો શેર કરીને કેપ્શનમાં ગુસ્સો વ્યક્ત કર્યો હતો. જાહેર સ્થળ પર બોલ્ડનેસનો દેખાડો કરતી એક્ટ્રેસને રેપરે ટોણો માર્યો હતો. રેપરે લખ્યું હતું કે, આવી છોકરીઓને કારણે દેશમાં રેપ કેસ વધે છે. સોશિયલ મીડિયાનો ઉપયોગ બાળકો પણ કરી રહ્યા છે તેથી આપણે હંમેશા એવું કોન્ટેટ પોસ્ટ કરવું જોઈએ જે સમાજ માટે શ્રેષ્ઠ હોય, જેમાં અશ્લિલતા ન હોય. પ્લેટફોર્મ અને જવાબદાર લોકોએ પણ આ વિષય પર ધ્યાન આપવું જોઈએ. રેપરે ઉમેર્યુ હતું કે, સોશિયલ મીડિયા પર આ રીતે શરીર ઉઘાડું પડે એવા કપડાં પહેરવા યોગ્ય નથી. આવા કોન્ટેટ માટે કડક નિયમ હોવા જોઈએ. દીદી આપને વિનંતી કરૂ છું કે, આપણી આવનારી પેઢીનું ભવિષ્ય ખરાબ ન કરો. ખુશીને લઈને રેપરે કરેલી આ પોસ્ટ સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહી છે. સિંગરની વાત સાથે કેટલાક લોકો સહમતી પણ દર્શાવી રહ્યા છે. બીજી તરફ કેટલાક એવા પણ લોકો છે જેમનું એવું કહેવું છે કે, મહિલાએ શું પહેરવું અને શું ન પહેરવું એ એમનો વ્યક્તિગત નિર્ણય હોઈ શકે છે. ખુશીએ રેપરની આ વાત પર હજું સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી.





# ‘દરેકને કામની શરતો નક્કી કરવાની આઝાદી હોવી જોઈએ’: કરીના દીપિકાના સમર્થનમાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ:** બોલિવૂડમાં આ દિવસોમાં એક્ટ્રેસ દીપિકા પાદુકોણની ૮ કલાકની વર્ક શિફ્ટની માંગને લઈને ચર્ચા તેજ બની છે. આ જ મુદ્દે હવે કરીના કપૂર ખાને પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. કરીનાએ કહ્યું કે, કોઈપણ કલાકારને પોતાની જરૂરિયાત મુજબ કામની શરતો નક્કી કરવાની આઝાદી હોવી જોઈએ, ખાસ કરીને ત્યારે જ્યારે તે પરિવાર અને બાળકોની જવાબદારી પણ નિભાવી રહી હોય.‘ધ હોલીવુડ રિપોર્ટર ઈન્ડિયા’ સાથેની વાતચીતમાં કરીના કપૂરે કહ્યું કે, ‘ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ અને અંગત જીવન વચ્ચે સંતુલન ખૂબ જ જરૂરી છે. જો કોઈ એક્ટ્રેસ પોતાના બાળકો સાથે સમય વિતાવવા માટે મર્યાદિત કલાકો કામ કરવા માંગે છે, તો તેમાં કંઈ ખોટું નથી.’ તેણે કહ્યું કે, ‘આવી શરતો ત્યારે જ યોગ્ય રહે છે, જ્યારે ફિલ્મ શરૂ થાય તે પહેલાં જ પ્રોડ્યુસર્સ અને ટીમને સ્પષ્ટપણે જણાવી દેવામાં આવે.’કરીનાએ પોતાના અનુભવનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, ફિલ્મ ‘ધ બકિંગહામ મર્ડર્સ’ના શૂટિંગ દરમિયાન તેને ઘણી પ્લાનિંગ કરવી પડી હતી. બે બાળકોની માતા હોવાને કારણે તેને વચ્ચે-વચ્ચે ઘરે પાછા ફરવું પડતું હતું. આવા સમયે ટીમે શેડ્યૂલ એવી રીતે નક્કી કર્યું કે જ્યારે તે ઘરે જતી હતી, ત્યારે બાકીના સીન શૂટ કરી લેવામાં આવતા હતા અને પાછા ફર્યા પછી તે ફરી શૂટિંગ પૂરું કરી લેતી હતી.કથિત કામના કલાકોની માંગને લીધે દીપિકા પાદુકોણને સંદીપ રેડ્ડી વાંગાએ ‘સ્પિરિટ’માંથી કાઢી મૂકી હોવાની ચર્ચા છે.ખરેખરમાં, દીપિકા પાદુકોણે કથિત રીતે ફિલ્મોના શૂટિંગ માટે ૮ કલાકની શિફ્ટની શરત મૂકી હતી. રિપોર્ટ્સ અનુસાર, આ જ કારણોસર તે ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ ‘સ્પિરિટ’માંથી બહાર થઈ ગઈ હતી. ત્યારથી બોલિવૂડમાં કામના કલાકો અને વર્ક-લાઈફ બેલેન્સને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે.આ વિવાદ પર ઘણા સ્ટાર્સે પોતાનો અભિપ્રાય આપ્યો છે. કેટલાક કલાકારોનું માનવું છે કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લાંબા સમય સુધી કામ કરવું સામાન્ય બાબત છે, જ્યારે ઘણા સેલેબ્સ દીપિકાના નિર્ણયને સમર્થન આપી રહ્યા છે અને તેને કામ અને પરિવાર વચ્ચે સંતુલનની જરૂરિયાત સાથે જોડીને જોઈ રહ્યા છે.કરીનાનું કહેવું છે કે ઈન્ડસ્ટ્રીમાં ફ્લેક્સિબિલિટી હોવી જોઈએ અને કલાકારોને પોતાની પરિસ્થિતિઓ અનુસાર કામ નક્કી કરવાનો અધિકાર મળવો જોઈએ. તેના મતે, સ્પષ્ટ વાતચીત અને યોગ્ય પ્લાનિંગથી કરિયર અને પરિવાર બંનેને સંતુલિત કરી શકાય છે.





### ચીખલી તાલુકા પંચાયતની સમાન્ય સભા યોજાઈ

# વર્ષ ૨૦૨૬-૨૭ના ૯.૬૮ કરોડ રૂપિયાના અંદાજપત્રને બહાલી અપાઈ




-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૦૯**

ચીખલી તાલુકા પંચાયતની સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૬-૨૭ના ૯.૬૮ કરોડ રૂપિયાના અંદાજપત્રને બહાલી આપવામાં આવી હતી. સામાન્ય સભામાં ગોડથલ ગ્રામ પંચાયતના વિભાજનને પણ મંજૂરી આપવામાં આવી હતી.

તાલુકા પંચાયતમાં પ્રમુખ શ્રી રાકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ કારોબારી અધ્યક્ષ શ્રીમતી દમયંતીબેન આહીર, પૂર્વ પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન ગાવિત, ટીડીઓ શ્રીમતી ભાવનાબેન યાદવ વિસ્તરણ અધિકારી શ્રીમતી હીનાબેન, શ્રીમતી દક્ષાબેન આહીર સહિતનાની ઉપસ્થિતતિમાં યોજાયેલ સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં જાહેર બાંધકામ, શિક્ષણ, આરોગ્ય, પશુપાલન, કુદરતી આફતમાં સહાય સહિત વિવિધ જોગવાઈ સાથેના ૯,૬૮,૯૬,૦૯૮/-રૂપિયાના અંદાજપત્રને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં સૌથી વધુ ૩.૫૬ કરોડ રૂપિયાની બાંધકામ ક્ષેત્રે જોગવાઈ કરવામાં આવી છે.

વધુમાં સામાન્ય સભામાં ગોડથલ ગ્રામ પંચાયતના વિભાજનના ઠરાવને પણ બહાલી આપવામાં આવી હતી. સામાન્ય સભામાં ફડવેલના તાલુકા પંચાયત સભ્ય શ્રી મહેશભાઈએ ફડવેલમાં ગ્રામ પંચાયત કચેરીના અધૂરા બાંધકામ અંગે રજુઆત કરી હતી.

આ ઉપરાંત તાલુકા સભ્ય શ્રી ધર્મેશભાઈએ મજીગામની દેસાઈવાડ સ્થિત પ્રાથમિક શાળામાં જર્જરિત ઓરડા તોડવાનો લાંબા સમયનો પ્રશ્નોનું નિરાકરણ તેમજ સમરોલીમાં કુમારશાળાની સામે તાલુકા પંચાયત હસ્તકની ખુલ્લી જગ્યામાં ડ્રેનેજનું પાણી છોડી ફેલાતી ગંદકી બંધ કરાવવા માટે રજુઆત કરી હતી.

મજીગામની પ્રાથમિક શાળામાં લાંબા સમયથી જર્જરિત ઓરડા તોડવામાં ન આવતા અકસ્માતની ભીતિ સેવાઈ રહી હોય તેવા સંજોગોમાં ઓરડા તોડવાની બાબતને ગંભીરતાથી લેવામાં આવે તે જરૂરી હોવાનું જણાવ્યું હતું.

સામાન્ય સભામાં તાલુકા સભ્ય શ્રી વૈભવ બારોટ, શ્રીમતી હીનાબેન, શ્રી નરેન્દ્રભાઈ, શ્રી સ્નેહલભાઈ નાયક, શ્રીમતિ દક્ષાબેન, શ્રીમતી હબીબાબેન, શ્રી જગનભાઈ દેશમુખ, શ્રશી જીગ્નેશ ગાવિત, ઉપરાંત વિરોધ પક્ષના નેતા શ્રી ભીખુભાઈ ગરાસિયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પારડી ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઈ









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના પારડી ખાતે ભારત રત્ન મોરારજી દેસાઈ ઓડિટોરિયમમાં મહિલાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રીમતિ બ્રિજનાબેન પટેલ, આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ કલ્પનાબેન પટેલ, જિલ્લા કલેક્ટરશ્રી ભવ્ય વર્મા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી યુવરાજસિંહ જાડેજા, નાયબ પોલીસ અધિક્ષક (એચ.ક્યુ.) શ્રી ભાર્ગવ પંડ્યા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં મહેમાનોનું પોષણ ટોકરી તથા પુષ્પગુચ્છ વડે સ્વાગત કરવામાં આવ્યં હતું. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ





પટેલે મહિલાઓના સશક્તિકરણ અને કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા ચાલતી વિવિધ યોજનાઓનો લાભ લેવા અનુરોધ કરી યોજનાકીય માર્ગદર્શન આપ્યું હતું. મહિલા અને બાળ અધિકારી શ્રીમતિ શ્વેતા દેસાઈ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રીમતિ કલ્પનાબેન પટેલે મહિલા સશક્તિકરણ વિષે માહિતી આપી હતી.

કાર્યક્રમ દરમિયાન વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મહિલા સરપંચશ્રીઓ, ઉદ્યમી મહિલાઓ તથા મહિલા કલ્યાણની વિવિધ યોજનાઓ જેમ કે, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, વ્હાલી દીકરી યોજના વગેરેના લાભાર્થીઓને મંજૂરી હુકમ તથા ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે માતા યશોદા એવોર્ડનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. મહિલા પીએસઆઈ બી.કે.ત્રિપાઠી દ્વારા સાયબર ક્રાઈમ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ શ્રી બી.જી.પોપટ દ્વારા ડીએલએસએની કામગીરી અંગે માહિતી આપવામાં આવી હતી. શ્રી કમલેશ ગીરાસે (દહેજ પ્રતિબંધ સહ રક્ષણ અધિકારી) દ્વારા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ વિભાગોના સ્ટોલનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો તેમજ તમામ બહેનો દ્વારા સ્ટોલોની મુલાકાત લઈને વિવિધ વિભાગોની યોજનાઓ વિશે માહિતી મેળવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ બહેનોને કિટ વિતરણ કરવામાં આવી હતી.

# શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ વલસાડ દ્વારા 'સાતમો સ્નેહ મિલન સમારોહ ૨૦૨૬' યોજાયો





## પોતાની સેવાકીય પ્રવૃત્તિમાં એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૯**

શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ, વલસાડ દ્વારા 'સાતમો સ્નેહ મિલન સમારોહ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૦૫/૦૩/૨૦૨૬ને ગુરુવારના રોજ આ સંસ્થા સમાજ ઉત્થાનની સેવાકીય પ્રવૃત્તિના યશસ્વી ૩૧ વર્ષ પૂર્ણ કરી ૩૨માં વર્ષમાં મંગળ પ્રવેશ કરી ચૂકી છે એ અવસરે પ્રતિવર્ષની જેમ આપણી ઓફિસ (૨૦૪, તાપી, સરદાર હાઈટ, તિથલ રોડ, વલસાડ) ખાતે તા.૦૮/૦૩/૨૦૨૬ને રવિવારના રોજ સત્યનારાયણ ભગવાનની પૂજા, એમ્બ્યુલન્સનું લોકાર્પણ તથા વિશ્વ મહિલા દિવસની ઉજવણી એમ ત્રિવિધ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

સત્યનારાયણ ભગવાનની પૂજા શ્રીમતી હિનાબેન તેમજ શ્રીમાન રજનીકાંતભાઈ મેહવાલાના યજમાન પદે, ગોર મહારાજ શ્રી નિકુંજભાઈ પાઠકની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.સંસ્થાનાં પ્રમુખશ્રી અનુપભાઈ મેહવાલાએ સૌને આવકાર્યા બાદ, સંસ્થા એની અવિરત સેવાના ૩૨માં વર્ષમાં મંગલાચરણ કરી રહી છે. એ નિમિતે સંસ્થાના કાર્યકર ભાઈઓ, બહેનો, બાળકો તેમજ વડીલોને અભિનંદન પાઠવ્યા હતા તેમજ કાર્યકરોના હસ્તે ઉપસ્થિત સલાહકાર મિત્રાનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું હતું.

સમાજ સેવામાં જેમનું વિશેષ પ્રદાન રહ્યું છે એવા શ્રીમતી ગીતાબેન અને શ્રીમાન ઉત્તમભાઈ મેહવાલા પરિવારના પનોતા પુત્રો શ્રી કેયુરભાઈ અને શ્રી કિંતુભાઈ મેહવાલા અને એમની અર્ધાંગીની શ્રીમતી જાનવીબેન તેમજ શ્રીમતી બિંદિયાબેનના હસ્તે સમગ્ર માનવ સમાજ માટે શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ વલસાડના માધ્યમથી એમ્બ્યુલન્સ લોકાર્પણ કરી હતી. આ મંગળ અવસરે સંસ્થા પરિવારે મેહવાલા પરિવારની માનવ સેવાની આ ઉમદા પ્રવૃત્તિને બિરદાવી અભિનંદન આપ્યા હતા.

આજરોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોવાથી સંસ્થાની તમામ પ્રવૃત્તિઓમાં બહેનોના યોગદાનની સરાહના કરી, તેઓના હસ્તે કેક કાપી, હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના કાર્યકરોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા અને સંસ્થાને પ્રગતિના પંથે લઈ જવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે સંસ્થાના વડીલો, શ્રી ભરતભાઈ પટેલ (શંકરતળાવ), શ્રી હસમુખભાઈ માહ્યાવંશી, શ્રીમતી ચંદ્રલેખાબેન લીલાકર, મા. આશાબેન ધારાસણીયા, શ્રી ગીજેન્દ્રભાઈ પીઠાવાલા, શ્રી ભરતભાઈ પટેલ, શ્રી જયદિપભાઈ પટેલ, શ્રી હિતેશભાઈ રાઠોડ તથા પરિવારના સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન શ્રી બિપીનભાઈ સુરતી, સંચાલન શ્રી હર્ષદભાઈ આર્ય તેમજ આભારવિધિ શ્રી અનીલભાઈ ભવાનીએ કરી હતી.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વાપીમાં યુવતિઓ માટે કરાટે બેલ્ટ પરીક્ષા અને સેલ્ફ ડિફેન્સ તાલીમ યોજાઈ




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે પ્રખ્યાત કરાટે કોચ અને મિશન કિકબેકના સંચાલક શ્રી હાર્દિક જોશી દ્વારા યુવતીઓ માટે વિશેષ કરાટે બેલ્ટની પરીક્ષા અને સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સફળ થયેલ વિદ્યાર્થીઓને તેમના આગામી બેલ્ટ માટે પ્રમોશન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન યુવતીઓને કરાટે સાથે સાથે આત્મરક્ષા માટે જરૂરી પ્રાથમિક સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ પણ આપવામાં આવી હતી. આ સાથે યુવતીઓની માતાઓ માટે પણ ખાસ આત્મરક્ષા તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માતાઓએ પણ ખૂબ ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે ભાગ લીધો.

છેલ્લા ઘણા વર્ષોથી શ્રી હાર્દિક જોશી તેમના મિશન કિકબેક અભિયાન હેઠળ હજારો યુવતીઓ અને મહિલાઓને કરાટે અને સેલ્ફ ડિફેન્સની તાલીમ આપી તેમને આત્મવિશ્વાસી અને સશક્ત બનાવવા માટે સતત કાર્ય કરી રહ્યા છે.

આ પ્રસંગે શ્રી હાર્દિક જોશીએ જણાવ્યું હતું કે, 'મહિલા સશક્તિકરણ ફક્ત એક દિવસની ઉજવણી નથી, પરંતુ દરેક દિવસ મહિલાઓના આત્મવિશ્વાસ અને શક્તિનો ઉત્સવ હોવો જોઈએ. મહિલાઓ પહેલેથી જ શક્તિશાળી છે, માત્ર તેમની અંદર રહેલી શક્તિ અને આત્મવિશ્વાસને શોધવાની જરૂર છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આજના સમયમાં યુવતીઓ માટે આત્મરક્ષા ખૂબ જ જરૂરી બની ગઈ છે. તેમનું વિઝન અને મિશન એ છે કે, ભવિષ્યમાં દરેક યુવતી બ્લેક બેલ્ટ બની, જ્યાં પણ હોય ત્યાં સંપૂર્ણ આત્મવિશ્વાસ અને મજબૂત ઈચ્છાશક્તિ સાથે પોતાના પગ પર ઉભી રહી શકે.

શ્રી હાર્દિક જોશી મુજબ, કરાટે યુવતીઓ માટે માત્ર રમત નથી. પરંતુ આત્મરક્ષા, આત્મવિશ્વાસ અને સશક્ત જીવન માટેનું એક શક્તિશાળી સાધન છે.

# ભરતનાટ્યમ પરીક્ષામાં શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ ઝળક્યા




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા. ૦૯**

પ્રણવ પારિજાત ટ્રસ્ટ, સુરત સંચાલિત મહાગુજરાત ગંધર્વ સંગીત સમિતિ દ્વારા નવેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાયેલી સંગીત પ્રારંભિક ભરતનાટ્યમ પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં સલવાવ સ્થિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરના પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લઈ તમામે ફર્સ્ટ ક્લાસ અને ડિસ્ટીંગશન સાથે ઉત્તિર્ણ થઈ શાળાનું ગૌરવ વધાર્યુ છે.

આ ગૌરવ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓમાં દિત્યા જગદીશ નાંદોલા ડિસ્ટીંગશન સાથે, રોશનીબેન ભુપતસંગ મકવાણા ડિસ્ટીંગશન સાથે, પ્રત્યુશાબેન જગદીશભાઈ ગજ્જર ફર્સ્ટ ક્લાસ સાથે, પ્રાંજલ ઉમેશભાઈ કલસરિયા ફર્સ્ટ ક્લાસ સાથે તેમજ મહેક કમલેશભાઈ ઉમરાળીયા ફર્સ્ટ ક્લાસ સાથે ઉત્તિર્ણ થયા છે.

આ પરીક્ષા વલસાડથી પધારેલા જાણીતા કલાગરૂ પૂર્વી રાણાના માર્ગદર્શન અને નિગરાની હેઠળ લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ભરતનાટ્યમ નૃત્ય તાલીમ નૃત્યશિક્ષિકા શ્રીમતી મનીષા મેહુલ પરમાર દ્વારા આપવામાં આવી હતી.

આ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી પૂજ્ય શ્રી કપિલ સ્વામીજી, એકેડેમી ડાયરેક્ટર ડો.શૈલેષ લુહાર, એડમિન ડાયરેક્ટર શ્રી હિતેન ઉપાધ્યાય, આચાર્ય શ્રી ચંદ્રવદન પટેલ તેમજ સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# આર.ટી.ઓ. કચેરી દ્વારા લાઈટ, મોટર, વેહીકલ સિલ્વર, ગોલ્ડન તેમજ અન્ય નંબરની ફાળવણી માટે ઓનલાઈન ઈ-ઓક્સન શરૂ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૯**

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, ને.હા.નં-૮, ગણેશ સીસોદ્રા, દ્વારા મોટરીંગ પબ્લીકની સગવડતા માટે આગામી તા.૧૪/૦૩/૨૦૨૬ થી લાઈટ મોટર વેહીકલ વાહનો માટે સિલ્વર, ગોલ્ડન તેમજ અન્ય નંબરની ફાળવણી માટે ઓનલાઈન ઈ-ઓક્સન શરૂ કરવામાં આવનાર છે.

લાઈટ મોટર વેહીકલનાં નંબર માટેની નવી સીરીઝ GJ21-CG -0001 થી GJ21-CG -9999 E-AUCTION માટે શરૂ કરવામાં આવનાર છે. તો ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમનાં વાહનોનું રજીસ્ટ્રેશન કરાવી આગામી તા.૧૪/૦૩ /૨૦૨૬ થી તા. ૧૬/૦૩ /૨૦૨૬ સુધી ઓનલાઈન http://parivahan.gov.in પર E-AUCTIONમાં ભાગ લઈ શકશે. ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ ઉપર દર્શાવેલ વેબસાઈટ ઉપર જઈને સી.એન.એ. ફોર્મ વાહન ખરીદીનાં સાત (૭) દિવસમાં અચુક ઓનલાઈન ભરી દેવાનું રહેશે. તથા વાહનનાં સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિવસનાં અંદરના જ અરજદારોએ હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકાશે. સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે એમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, ને.હા.નં-૮, ગણેશ સીસોદ્રા, દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# વાપીના વટારથી અજાણ્યા પુરૂષની લાશ મળી આવી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

વાપીના વટાર ગામમાં વટાર-દમણ રોડની સાઈડમાં કેશવભાઈની આંબાવાડીની સામે એક અજાણ્યો ૩૫ થી ૪૦ વર્ષીય શખ્સની લાશ તા.૦૧-૦૩-૨૬ના રોજ બપોરે ૩ કલાકે મળી આવી હતી. જેના વાલી વારસોની પોલીસે તપાસ કરી હતી પરંતુ મળી આવ્યા ન હતા. અજાણ્યો મૃતક શરીરે મધ્યમ બાંધો અને પાંચ ફૂટ છ ઈંચ ઉંચાઈ ધરાવે છે. શરીરે બ્લ્યૂ કલરની સફેદ ડિઝાઈનના પટ્ટા વાળી ટીશર્ટ તથા નવી બ્લ્યુ કલરની નાઈટ પેન્ટ પહેરી હતી. જમણા હાથની કલાઈ પર અંગ્રેજીમાં લક અને ડાબા હાથના બાવળા પર ડિઝાઈનવાળુ ટેટુ છે. જે કોઈને પણ આ અજાણ્યા મૃતકના વાલી વારસોની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

**અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા**
**ALL INDIA INSTITUTE OF AYURVEDA (AIIA)**
**(ભારત સરકારના આયુષ મંત્રાલય હેઠળની એક સ્વાયત્ત સંસ્થા)**
(An Autonomous Organization under the Ministry of Ayush, Govt. of India)

**પીએચ.ડી (આયુર્વેદ) પ્રવેશ ૨૦૨૬-૨૭ માટે સૂચના**

- દિલ્હી યુનિવર્સિટી હેઠળની અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા, નવી દિલ્હી શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭ માટે પીએચ.ડી (આયુર્વેદ) અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ઓનલાઈન અરજીઓ મંગાવી રહી છે.
- આ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અરજી કરવા ઈચ્છુક ઉમેદવારો અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા, નવી દિલ્હી પ્રવેશ પરીક્ષા પોર્ટલ www.aiia.gov.in ની મુલાકાત લઈને સંશોધન પ્રવેશ પરીક્ષા માહિતી પુસ્તિકા ડાઉનલોડ કરી શકે છે અને ઓનલાઈન અરજી ફોર્મ સબમિટ કરી શકે છે.
- **ઓનલાઈન અરજી ફોર્મ ૧૬ માર્ચ ૨૦૨૬ થી પ્રવેશ પરીક્ષા પોર્ટલ પર ઉપલબ્ધ થશે. ઓનલાઈન અરજી સબમિટ કરવાની છેલ્લી તારીખ ૧૫ એપ્રિલ ૨૦૨૬ છે.**
- **પીએચ.ડી પ્રવેશ પરીક્ષા ૦૨ મે, ૨૦૨૬ના રોજ યોજાવાની છે. વિગતવાર વિગતો માટે એઆઈઆઈએ પ્રવેશ પરીક્ષા પોર્ટલ www.aiia.gov.in ની મુલાકાત લો.**

**સહી**
**ડિરેક્ટર, એઆઈઆઈએ**

**CBC 17219/11/0008/2526**

**વર્તમાન પ્રવાહ** વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# વાપીમાં જે-ટાઈપ (જીઆઈડીસી) બ્રિજની કામગીરી પુરજોશમાં: મે મહિના અંત સુધીમાં તૈયાર કરવાનો લક્ષ્યાંક

**હાઈવેથી દમણ તરફ જવાની સીધી સુવિધા ઉપલબ્ધ થશે, શહેરમાં હાઈવેનો ટ્રાફિક ડાઈવર્ટ થઈ જશે**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

વાપીમાં વિકાસ કાર્યો ચારે તરફ ચાલી રહ્યા છે. શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરર્સમાં ધીરે ધીરે પણ મક્કમ ગતિએ વધારો થઈ રહ્યો છે.આ શ્રેણીમાં વાપી જી.આઈ.ડી.સી. જે ટાઈપના બ્રિજની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ૧૦૦ કરોડ ઉપરાંત ખર્ચે તૈયાર થનારા આ બ્રિજને મે મહિનાના અંત સુધીમાં તૈયાર કરવાનો લક્ષ્યાંક રખાયોછે.

વાપી મહાનગરપાલિકા બનતાની સાથે જ ચારે તરફ વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. તમામ વિકાસ કાર્યો પૈકી જે ટાઈપ પુલનું અંતિમ તબક્કાનું કામકાજ ચાલી રહ્યું છે. આ પુલ મહત્વાકાંક્ષી પુરવાર થનાર છે. હાઈવે તરફથી દમણ તરફ જવા માટે ચાર રસ્તા કે સેલવાસ રોડ તરફ આવવું નહી પડે હાઈવેથી સીધા દમણ તરફ જઈ શકાશે. પરિણામે હાઈવેનો ટ્રાફિક ડાઈવર્ટ થઈ જશે અને મુખ્ય શહેરમાં ટ્રાફિક સમસ્યા પણ ઓછી થશે.

નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ તાજેતરમાં આ પ્રોજેક્ટની રૂબરૂ મુલાકાત લઈને અધિકારીઓને જરૂરી સૂચન અને માર્ગદર્શન આપ્યું હતું. રેલવે બલીઠા અંડરપાસ કાર્યરત થઈ ગયો છે. બલીઠા ફાટક પુલ બન્ને તરફની અવરજવર શરૂ થઈ ગઈ છે. વાપી માટે છેલ્લુ અને અંતિમ જો કોઈ મહત્ત્વાકાંક્ષી વિકાસ કાર્ય હોય તો મેઈન રેલવે ઓવરબ્રિજ આ બ્રિજની કામગીરી જોકે ચાર વર્ષથી ચાલી રહી છે. પણ અન્ય કોઈ કારણોસર બે વર્ષ તો કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. હવે ફરી ચાલુ થઈ છે. ત્યારે વાપી વાસીઓ મીટ માંડીને બેઠા છે. આ રેલવે ઓવરબ્રિજ જલ્દી પુરો થાય. આ બ્રિજ કાર્યરત થતા જ વાપીના ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સને ચાર ચાંદ લાગી જશે એ નક્કી છે.

# ટી-૨૦માં ભારત ત્રીજીવાર ચેમ્પિયન બનતા વલસાડ સહિત જિલ્લાભરમાં ક્રિકેટ પ્રેમીઓએ જશ્ન મનાવ્યો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**



અમદાવાદના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રવિવારે ટી-૨૦ વર્લ્ડકપની મેચ ન્યુઝીલેન્ડ અને ઈન્ડિયા વચ્ચે યોજાઈ હતી. અતિ ઉત્તેજના ભરેલી આ મેચમાં અંતે ૯૪ રનથી ટીમ ઈન્ડિયાનો ભવ્ય વિજય થતાની સાથે વિશ્વ વિજેતા બનેલ ટીમ ઈન્ડિયાને વધાવવા સત્કારવા ભારતભરના શહેરોમાં ક્રિકેટ પ્રેમીઓએ હર્ષોલ્લાસ સાથે જસ્ન મનાવ્યો હતો. વલસાડ આઝાડ ચોકમાં વલસાડના ક્રિકેટ પ્રેમીઓએ અડધી રાત સુધી ફટાડતા ફોડી, ઢોલ, ડી.જે. વગાડીને લોકો ઝુમી ઉઠયા હતા. વલસાડ સહિત જિલ્લાભરના ગામો અને શહેરોમાં વિજયની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

વલસાડ જિલ્લા પ્રારંભથી જ ક્રિકેટ પ્રેમી જિલ્લો રહ્યો છે. અમદાવાદમાં ટી-૨૦ મેચ વર્લ્ડકપ ટીમ ઈન્ડિયા વિજેતા બનતાની સાથે હજારો લોકો વલસાડના આઝાદ ચોકમાં ઉમટી પડ્યા હતા. દોઢ-બે કલાક લોકો અડધી રાત સુધી નાચ્યા, કુદયા અને જસ્ન મનાવ્યો હતો. ફાઈનલ મેચ ન્યુઝીલેન્ડ-ઈન્ડિયા વચ્ચે રમાઈ હતી. તેમાં ટીમ ઈન્ડિયા ૯૪ રને ભવ્ય વિજય મેળવ્યો હતો. ગુજરાતના ત્રણ ખેલાડીઓ અક્ષર પટેલ, હાર્દિક પંડ્યા અને બુમરાહ મેચમાં હાવી બનીને જીત અપાવી હતી. વિપક્ષ નમો સ્ટેડિયમને અપશુકનિયાળ કહેતો હતો એજ સ્ટેડિયમે વિશ્વકપ અપાવ્યો છે.

# ધરમપુર બારોલીયામાં જુગારના અડ્ડા ઉપર પોલીસ ત્રાટકી: બે ઝડપાયા, અનેક ફરાર, રૂા.૫.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત



**જુગારીયા ૩૩ જેટલી બાઈકો છોડી ભાગી ગયા: પોલીસે બાતમી બાદ પટેલ ફળીયામાં રેડ કરી હતી**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા. ૦૯**

ધરમપુરના બારોલીયા ગામમાં પટેલ ફળીયામાં આવેલ પૌરાણિક વડના ઝાડ નીચે સંખ્યાબંધ જુગારીયા જુગાર રમી રહ્યા હતા. ત્યાર પોલીસ ત્રાટકતા નાસ ભાગ મચી ગયો હતો. પોલીસે બે જુગારીયા ઝડપી પાડ્યા હતા. જ્યારે અનેક ફરાર થઈ ગયા હતા.

ધરમપુર પી.આઈ. શ્રી નિખિલ ભોયા અને ટીમે બારોલીયામાં રેડ કરી હતી. ત્યારે પટેલ ફળીયામાં વડના ઝાડ નીચે કેટલાક લોકો તીન પત્તી જુગાર રમી રહ્યા હતા.પરંતુ પોલીસ ત્રાટકતા જુગારીયાઓ નાસભાગ શરૂ કરી હતી. ૩૩ જેટલી મોટર સાયકલ છોડીને ભાગી છુટ્યા હતા. પરંતુ દિનેશ મંગળભાઈ ભોયા અને હસમુખ દલુભાઈ ચૌધરી નામના બે જુગારી પકડાઈ ગયા હતા.

કાર્યવાહીમાં જુગારીયા સ્થળ ઉપર મોબાઈલ, રોકડા રૂપિયા પણ લેવા ઉભા રહ્યા નહોતા. પોલીસે રોકડા રૂા. ૯૧૫૦, મોબાઈલ નંગ ૯ તથા ૩૩ મોટર સાયકલ મળીને કુલ ૫,૭૭,૪૬૦ નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધ્યો હતો. તેમજ ફરાર આરોપીને ઝડપવા માટેના ચક્રો ગતિમાન કર્યા હતા.

**શિષ્યવૃત્તિની આવક મર્યાદા વધારવાના ઐતિહાસિક નિર્ણયને વધાવવા**

# ગાંધીનગર ખાતે યોજાનાર ‘ૠણ સ્વીકાર કાર્યક્રમ’ અંતર્ગત વલસાડ જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાની મહત્વની બેઠક યોજાઈ




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

રાજય સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની વાર્ષિક આવક મર્યાદા રૂા૨.૫ લાખથી વધારીને રૂા. ૬ લાખ કરવાના ઐતિહાસિક નિર્ણયને આવકારવા માટે આગામી ૧૩ માર્ચના રોજ ગાંધીનગર ખાતે ભવ્ય ‘ૠણ સ્વીકાર કાર્યક્રમ’ યોજાનાર છે. આ કાર્યક્રમના સફળ આયોજન માટે વલસાડ જિલ્લા અનુસૂચિત જાતિ મોરચા દ્વારા એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી દ્વારા લેવાયેલા આ વિદ્યાર્થીલક્ષી નિર્ણયથી સમાજના મધ્યમ અને શ્રમિક વર્ગના હજારો વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણના દ્વાર ખુલશે. આ બદલ આભાર વ્યક્ત કરવા ગુજરાત અનુસૂચિત જાતિ મોરચાના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરમાં આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

વલસાડ ખાતે જિલ્લા પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં પ્રદેશ વક્તા શ્રી સુરેશભાઈ મકવાણાએ વિશેષ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. બેઠકમાં ઉપસ્થિત મહાનુભાવોએ કાર્યકર્તાઓને નીચે મુજબના સૂચનો આપ્યા હતા.

શિષ્યવૃત્તિના નવા નિયમોની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવી, ‘મહત્તમ ઉપસ્થિતિ ૧૩ માર્ચના રોજ વલસાડ જિલ્લામાંથી મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને સમાજના લોકો ગાંધીનગર પહોંચે તેવું આયોજન. પરિવહન અને અન્ય વ્યવસ્થાઓ માટે જવાબદારીઓની સોંપણી

આ બેઠકમાં જિલ્લા મહામંત્રીશ્રીઓ શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી મહામંત્રી શ્રી નિખિલભાઈ ચોકસી, વલસાડ જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ શ્રી હેમંતભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી શ્રી યોગેશભાઈ ભાલે, શ્રી સુમિતભાઈ માહ્યાવંશી સહિત જિલ્લાના અનેક અગ્રણી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લાખોના સાયબર ફ્રોડના આરોપીને વાપી ચણોદમાંથી સાઈબર ક્રાઈમ પોલીસે ઝડપ્યો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**



વલસાડ જિલ્લામાં સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ઓપરેશન મ્યુલહન્ટ ચલાવાઈ રહ્યું છે. સાયબર ક્રાઈમ ભાડાના બેંક એકાઉન્ટથી ચલાવાઈ રહ્યા હોય છે. તે મોટી નોકરી કે અન્ય લાલચ આપીને ભાડાથી બેંક એકાઉન્ટ મેળવાતા હોય છે. તે બાદ સાયબર ફ્રોડ આચરવામાં આવે છે. સાયબર ક્રાઈમ પોલીસે વાપીના ચણોદમાં રહેતો એક આરોપીને ઝડપી પાડ્યો છે.

સાયબર ક્રાઈમ પોલીસ ઓપરેશન મ્યુલહન્ટ હેઠળ લાખોનો સાયબર ફ્રોડ કરનાર ચણોદ નિલકંઠ સોસાયટી બંગલા નં.૧૬૪માં રહેતો સત્યમ દિનકર સિંહને ૧૫ લાખ ઉપરાંતની રકમના સાઈબર ફ્રોડની કાર્યવાહી હેઠળ પોલીસે ધરપકડ કરી છે. આ પ્રકરણમાં વાપી છરવાડામાં રહેતો પિયુષ સંજયસિંહ નામનો આરોપી પણ સંકળાયેલો છે. પોલીસે હાલ વોન્ટેડ જાહેર કર્યો છે અને તેની શોધખોળ કરી રહી છે. સાયબર પોલીસે જાહેર જનતાને અપીલ કરી છે કોઈપણ લોભામણી લાલચમાં આવી જઈને તમારું બેંક એકાઉન્ટ કોઈને વાપરવા આપશો નહી.

# વલસાડમાં બે મહિના પહેલા જ બનાવાયેલા રસ્તાનો ડામર પીગળ્યો: પાલિકાની કામગીરી સામે સવાલો ઉઠ્યા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ,તા.૦૯**

વલસાડ શહેરમાં બે મહિના પહેલા બનાવાયેલા રસ્તાઓ ગરમીની શરૂઆતમાં જ પીગળતાં જોવા મળતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલા છીપવાડ અને દાણા બજાર વિસ્તારમાં બનેલા રસ્તાઓમાં ડામર પીગળી જતા લોકો દ્વારા પાલિકાની કામગીરી પર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. સાથે જ વિપક્ષ દ્વારા પણ પાલિકા અને કોન્ટ્રાક્ટર સામે ભ્રષ્ટાચારના આક્ષેપ કરવામાં આવ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર માત્ર બે મહિના પહેલા જ આ મુખ્ય માર્ગનું રીપેરિંગ કરીને નવો રસ્તો બનાવવામાં આવ્યો હતો. જોકે માર્ચ મહિનાની શરૂઆતમાં જ જ્યારે તાપમાન લગભગ ૩૦ થી ૩૫ ડિગ્રી વચ્ચે પહોંચ્યું ત્યારે રસ્તાનો ડામર પીગળી જતો જોવા મળ્યો. આ કારણે રસ્તા પર ચાલતા લોકો અને વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો.

કેટલાક લોકોના પગ ડામરમાં ચોંટતા હોવાની ફરિયાદ સામે આવી છે, જ્યારે બાઈકચાલકોને અકસ્માતના ભયને કારણે રસ્તાની બાજુથી વાહન ચલાવવાની ફરજ પડી હતી. આ ઘટનાને લઈને સ્થાનિક વેપારીઓ અને રહેવાસીઓએ નગરપાલિકાની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી છે અને તાત્કાલિક યોગ્ય કામગીરી કરવાની માંગ કરી છે.

વિપક્ષના નેતાઓએ પણ આ મામલે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે પ્રજાના ટેક્સના પૈસાથી કરવામાં આવેલી કામગીરીમાં ગુણવત્તાનો અભાવ જોવા મળે છે. તેથી સમગ્ર મામલે પારદર્શક તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

આ અંગે નગરપાલિકામા ચીફ ઓફિસરે જણાવ્યું કે સમગ્ર ઘટનાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. સંબંધિત એજન્સી અને એન્જિનિયરને સ્થળ પર જઈને તાત્કાલિક કામગીરી કરવા સૂચના આપવામાં આવી છે. જો તપાસ દરમિયાન એજન્સીની ભૂલ સામે આવશે તો તેના સામે યોગ્ય પગલાં લેવામાં આવશે.

# સુરતના કોસમાડી ખાતે શ્રી રવિ રાંદલ માતાજી મંદિરનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

**દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયાની મુખ્ય અતિથિ તરીકે રહેલી ઉપસ્થિતિ**










**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**કોસમાડી,તા.૦૯**

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના કોસમાડી ગામ ખાતે શ્રી રવિ રાંદલ માતાજી મંદિરનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ગતરોજ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. આ પવિત્ર કાર્યક્રમનું આયોજન શ્રી રાકેશભાઈ કંથારીયા, શ્રી ગિરીશભાઈ કંથારીયા તથા કંથારીયા પરિવાર સાથે સમગ્ર કોસમાડી ગામના રહેવાસીઓના સહયોગથી કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરીયા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જેમનું કોસમાડી ગામના યુવાનો દ્વારા ભવ્ય સમ્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે મહેશભાઈ આગરિયાએ શ્રી રવિ રાંદલ માતાજીના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા અને આયોજકો તથા ગ્રામજનોને શુભેચ્છાઓ પાઠવતા પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ‘‘આવા ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગો સમાજમાં એકતા, સંસ્કાર અને શ્રદ્ધાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. શ્રી રાંદલ માતાજીનું આ ભવ્ય મંદિર કોસમાડી-કામરેજ સહિત સમગ્ર વિસ્તારમાં આસ્થાનું કેન્દ્ર બનશે. માતાજી સમગ્ર સમાજને સુખ, સમૃદ્ધિ અને કલ્યાણના આશીર્વાદ આપે તેવી પ્રાર્થના કરૂં છું.’’

આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તો, આગેવાનો અને ગામલોકો ઉપસ્થિત રહી કાર્યક્રમને ભવ્યતા પ્રદાન કરી હતી.